




સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૧૨, સળંગ અંક : ૯૨૮, તારીખ : ૧૪-૦૮-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ
(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬
R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 14/08/2017, RMS G'nagar, Valid up to 31/12/19


## રાજ્ય સરકારનો એક વધુ ખેડૂતલક્ષી નિર્ણય

# ખેડૂતોના ખેતરમાંથી પસાર થતા હાઈ-વોલ્ટેજ વીજ પ્રવાહનના ટાવર અને પ્રવહન લાઈન હેઠળ વપરાતી જમીનનું વળતર ચુકવવાનો રાજ્ય સરકારનો નિર્ણય : નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, ખેડૂતના હિતને વરેલી રાજ્ય સરકારે ખેડૂતો મટે અનેકવિધ નિર્ણયો કર્યા છે. જેના પરિણામે ખેડૂતોની સમૃદ્ધિ વધી છે. રાજ્ય સરકારે ખેડૂતો માટે આજે વધુ એક મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં મોટા પ્રમાણમાં વીજ વપરાશ વધી રહ્યો છે. આ વધેલી વીજ માંગ પુરી કરવા માટે હાઈ - વોલ્ટેજ ટ્રાન્સમીશન લાઈનો નાંખવી જરૂરી છે.આ લાઈનો નાંકવા માટે ખેડૂતના ખેતરની ખાનગી જમીનોનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. અત્યાર સુધી આ ટાવરો નાંખવા ખેડૂતોને પાક અને ફળાઉ ઝાડના નુકશાન સિવાય આ અંગેનું કોઈ વળતર ચુકવવામાં આવતું ન હતું. તેથી ખેડૂતોને મદદરૂપ થવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગત્યનો નિર્ણય કર્યો છે. જે પ્રમાણે હવે ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજપ્રવહન લાઈન માટે અને ટ્રાન્સમિશન ટાવર ઉભા કરતી વખતે ખેડૂતની જમીનના મૂલ્યને થતાં નુકસાન સામે પણ ખેડૂતોને વળતર ચુકવાશે.

- જમીન, પાક, ફળાઉ ઝાડને નુકશાન અંગે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અનુસાર વળતર ચુકવાશે.
- ટ્રાન્સમીશન ટાવરના સ્થાપન માટે જમીનના મૂલ્યના ૮૫ ટકા જેટલુ વળતર પ્રવર્તમાન જંત્રીના દરે ચુકવાશે.
- ખેતરમાંથી પસાર થતી પ્રવહન લાઈનોને અનુલક્ષીને જમીનોના મૂલ્યમાં ઘટાડા પેટે જમીનના મૂલ્યના ૭.૫ ટકા લેખે ચુકવણું કરાશે.



નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ખેડૂતોના ખેતરમાંથી હાઈ વોલ્ટેજ લાઈનો પસાર થવાના કારણે તેમની જમીનો, પાકને નુકસાન થતું હોય છે, તે માટે યોગ્ય વળતર ચુકવવા રાજ્ય સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારાકેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અનુસાર આ નિર્ણય લેવાયો છે. જે મુજબ હવે રાજ્યમાં હાઈવોલ્ટેજ ટ્રાન્સમિશન લાઈનો નાંખતી દરેક કંપનીઓ દ્વારા ખેડૂતો અને જમીન માલિકોને તેમની જમીનના મૂલ્યમં ઘટાડા તેમજ પાક, ફળાઉ ઝાડને થયેલ નુકશાન સંદર્ભે વળતર ચુકવવામાં આવશે. જેમાં વીજ વહન માટે ટ્રાન્સમીશન ટાવર અને માળખાના સ્થાપનાને કારણે ટાવર આધારીત વિસ્તારની જમીનના મૂલ્યના ૮૫ ટકા જેટલુ વળતર જમીનના નુકશાન પેટે ચુકવાશે. આ માટે વળતરની ગણતરી જે તે સમયના, સ્થળના પ્રવર્તમાન ઓનલાઈન ખેતી અને બિન ખેતી મુજબના જંત્રી દરોના માપદંડને ધ્યાને રાખીને ગણતરી કરી ચૂકવવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, ટ્રાનસમીશન લાઈનના રેષાઓની પહોળાઈને કારણે જમીનના મૂલ્યમાં થતા ઘટાડા અંગેના વળતર સંદર્ભે જમીન માલિકની જમીન ઉપરથી પસાર થતાં પ્રવહન રેષાઓની પહોળાઈ તતા લંબાઈને અનુલક્ષીને જમીનના મૂલ્યમાં થતાં ઘટાડાના નુકશાનના વળતર પેટે જમીન મૂલ્યના ૭.૫ ટકા લેખે ચુકવણું કરવાનું રહેશે. જ્યારે પાક અને ફળાઉ ઝાડના નુકશાન પેટે વળતર ચુકવતી વખતે એ.પી.એમ.સી. દ્વારા નક્કી કરાયેલા દરો લાગુ પાડવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જમીન માલિકો કે ખેડૂતોને નુકસાન અંગેનું વળતર ત્રણ તબક્કામાં ચુકવવામાં આવશે. જેમાં ૪૦ ટકા રકમ ટ્રાન્સમીશન ટાવરના પાયાનું કામ પૂર્ણ થયા બાદ, ૪૦ ટકા ટ્રાન્સમિશન ટાવર પ્રસ્થાપિત થયા બાદ અને બાકીની ૨૦ ટકા રકમ ટ્રાન્સમિશન લાઈનના વાયરો ખેંચ્યા બાદ વિવિધ શરતોને આધિન ચુકવણું કરાશે.

આ માર્ગદર્શિકાનો અમલ થતા વીજ પ્રવહન ટાવર અને વીજ ટ્રાન્સમિશન લાઈન માટે ઉપયોગ થયેલ જમીનોના માલિકો / ખેડૂતોને તેમની જમીનના મૂલ્યમાં થયેલ ઘટાડાનું યોગ્ય વળતર મળી રહેશે.

## અસરકારક વિસ્તાર સેવાકાર્ય

- ભા.કિ. સંઘની એક ટીમ દ્વારા બનાસકાંઠા જિલ્લાના સાત તાલુકાઓમાં મુલાકાત લઈને રાહત - બચાવ અને સહાય કાર્યની મુલાકાત લીધી હતી.
- કૃષિ ક્ષેત્રે અને કિસાનોને થયેલા નુકસાનની પણ માહિતી મેળવી અને છેલ્લે પાલનપુર ખાતે મા. મુખ્યમંત્રીશ્રીને મળીને અહેવાલ આપ્યો હતો.
- કચ્છના એક દાતા દ્વારા ૨૫ લાખનું દાન મેળવીને ૫૬૦૦ બોરી કપાસીયા ખેળની બોરી પશુઓ માટે ગામેગામ વિતરીત કરવામાં આવ્યું હતું.
- સાબરકાંઠા-અરવલ્લી સહિતના જીલ્લાઓમાંથી ૨૫ ટ્રક ટેમ્પો ઘઉંનું પરાળ (હુસેલ) તેમજ ઘાસચારો એકત્ર કરીને મોકલવામાં આવેલ.
- થરાદ ખાતે રાહત સહાયતા કાર્યાલય ઉભું કરી કિસાનોને માર્ગદર્શન આપી બહારથી આવતી રાહત સામગ્રી યોગ્ય જગ્યાએ મોકલવા માટે સંકલન કાર્ય કરેલ.
- બનાસકાંઠા જિલ્લા સંઘટન ટીમ દ્વારા વહીવટી તંત્ર સાથે રહી નુકસાની સર્વે અને રાહત સહાય યોગ્ય રીતે અપાય તેના માટે સંકલન.

# ડેરી ફાર્મિંગ : એક પુરક વ્યવસાય

ડૉ. જે.બી. પટેલ, ડૉ. બી.એસ. રાઠોડ, ડૉ. કે.જે. આન્કુયા, ડૉ. એચ.એચ.પંચસરા, ડૉ. કે.બી. પ્રજાપતિ

ડેરી વિકાસમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. સહકારી ધોરણે અમુલ પેટર્ન મુજબના સહકારી દૂધ માર્કેટના લીધે ગુજરાતમાં ડેરી વિકાસ સારો થયો છે. ઉત્તર ગુજરાતમાં ગુજરાત રાજ્યનું ૩૩ ટકા પશુપાલન આવેલું છે તથા ૩૮ ટકા દૂધ ઉત્પાદન પણ ઉત્તર ગુજરાત દ્વારા થાય છે. ગુજરાત રાજ્યના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૦-૧૧ માં ૯૩.૨૦ લાખ ટન દૂધઉત્પાદન નોંધાયેલ છે. ગુજરાત રાજ્યમાં અમુલ ડેરી, બનાસ ડેરી, દૂધસાગર ડેરી, સાબર ડેરી, સુમુલ ડેરી વગેરે જેવી ખુબ જ સારી સહકારી દૂધ ઉત્પાદક ડેરીઓ આવેલી છે. જે દર્શાવે છે. કે ગુજરાત રાજ્યમાં ખેતી સાથે પશુપાલન તરીકે પુરક વ્યવસાય ખુબ જ વિકસેલ છે. ગુજરાત રાજ્યમાં નાના તથા સિમાંત ખેડૂતોએ પશુપાલન મુખ્ય વ્યવસાય તરીકે અપનાવેલ છે. તથા ખુબ જ સારી આજીવીકા પણ ખેડૂતો / પશુપાલકો આમાંથી મેળલે છે. આમ, ક્ષેત્રિય કક્ષાએ પશુપાલન એ ખુબ જ સારા વ્યવસાય તરીકે વિકસેલ છે.

ડેરી ફાર્મીંગમાં દૂધાળ પશુઓ જેવા કે ગાયો, ભેંસો, સંકરગાયો, પરદેશી ગાયો જેવા મોટા વાગોળતા પ્રાણીઓ મુખ્ય છે. જ્યારે ીજીપ્ત તથા કેટલાક યુરોપીય દેશો, સ્વીટઝરલેન્ડ, ઈંગ્લેન્ડ જેવા દેશોમાં બકરીઓ પણ ડેરી ફાર્મિંગમાં ઉછેરવામાં આવે છે. આરબ દેશોમાં ઉટડીના દૂધનું પણ ડેરી ફાર્મિંગ અંતર્ગત ઉત્પાદન કરવામાં આવતુ હોય છે. ભારતમાં ડેરી ફાર્મિંગ ગાય બેંસ કે સંકર ગાયોની સાથે મિશ્ર ખેતી પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે. અહીં મિશ્ર ખેતીમાં ગાય / ભેંસનો ઉછેર પુરક આવક દૂધ દ્વારા મેળવવામાં આવે છે. તેથી અહીં ડેરી ફાર્મિંગ એક પુરક વ્યવસાય તરીકે વિકસેલ છે. અહીં દતૂધાળ પશુઓને ખેતી પાકો સાથે સંકલિત કરવાથી ખેતી પાકોની આડપેદાશો દૂધાળ પશુઓને મળે છે. જ્યારે ગાય / ભેંસનું છાણ મુત્ર જે ખાતર તરીકે પાકોના વાવેતરમાં વપરાય છે. આ સંકલનથી મજુરોનો પણ સારો ઉપયોગ થઈ શકે છે. અને ખેતી તતા પશુધનના સ્ત્રોતોનો પણ કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે છે. દરેક ખેડૂત તેની જમીન, પાણી તથા આર્થિક સધ્ધરતાના આધારે આ પાક તથા પશુઓનું સંકલન કરી તેના પ્રમાણમાં પુરક આવક મેળવે છે. પશુના ઘાસચારામાં ઉપયોગી થાય તેવા પાકો અને પાકની આડપેદાશો ખેડૂત પેદા કરે છે. વર્તમાન સમયમાં પાણી તથા જમીનના સ્ત્રોતો સંકોચતા જતા હોવાથી પેદા થતી પેદાશની માંગ પ્રમાણે હાલમાં ડેરી ફાર્મિંગ એક પુરક વ્યવસાય તરીકે વધુ સારો વિકલ્પ આપે છે. ડેરી ફાર્મિંગમાં દૂધના નાણા પણ સહકારી દૂધ સંઘના માળખામાં વધુ ત્વરીત અ" ઘર આંગણાના બજારમાંથી મળે છે. તેથી તે વધુ ટકાઉ બનેલ છે. સંઘો દ્વારા ડેરી વ્યવસાયના જરૂરી સંશાધનો જેવા કે દાણ, ક્ષારમિશ્રણ, પશુ સારવાર તથા કૃત્રિમ બીજદાન ઘરઆંગણે પ્રાપ્ત થતા હોવાથી ડેરી ફાર્મિંગ એ સરળતાથી અપનાવી શકાય તેવો વિકલ્પ ખેડૂતોને પ્રાત થાય છે. ડેરી ફાર્મિંગને પુરક વ્યવસાય તરીકે અપનાવવાથી જમીનની ફળદ્રુપતા વધે છે. પાક તથા પ્રાણીઓના જંતુઓને વધુ સારી રીતે કાબુમાં રાખી શકાય છે. તથા નિંદામણ નિયંત્રણ પણ અસરકારક રીતે થઈ શકે છે.

ગુજરાતમાં મિશ્ર ખેતી પદ્ધતિના ડેરી ફાર્મિંગમાં જવ, મકાઈ, બાજરી, ઓટ જેવા ધાન્ય પાકો, તેમજ રજકો, ચોળી, ગુવાર, જેવા કઠોળ વર્ગના ઘાસચારો તેમજ સુર્યમુખી તથા સોયાબીન જેવા તેલીબીયા પાકો અને તેની આડપેદાશોનો ઉપયોગ કરી પશુપાલમાં થતું ખર્ચ ઘટાડવામાં ઘણી મદદ મળી રહે છે. ડેરી ફાર્મિંગના પુરક વ્યવસાયમાં થતી આવક તથા નફાના આધારે પાક ઉત્પાદન અને ઘાસચારા ઉત્પાદનનું એકમ દીઠ પ્રમાણ, પાક ઉત્પાદન ખર્ચ, પશુના દૂધ ઉત્પાદનનું વેતર દીઠ પ્રમાણ અન્ય પેદાશનું મુલ્ય વર્ધન તથા બજાર ભાવો વગેરે દીઠ પ્રમાણ, ફેટની ટકાવારી પુરક આવક તરીકે એન.એ.આર.પી. (મિશ્ર ખેતી)માં થયેલ સંશોધનોના પરીણામો નીચે મુજબ છે.

**મિશ્ર ખેતીમાં ડેરી ફાર્મિંગની આવક (પશુ સંશોધન કેન્દ્ર)**

| નં. | વર્ષ | દૂધાળ પશુઓ | જમીનનું પ્રમાણ | પુરક આવક નું પ્રમાણ/વર્ષવર્ષ | કુલ આવક/ ઉત્પાદન | સંકલન | દૂધ ઉત્પાદન |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૮૪-૮૫ થી ૧૯૮૮-૯૯ | સંકર ગાયો (૨) | ૨ હેક્ટર | ૧૮૦૮૦/- | ૨૨૭૦/- | ૧ હે. રોકરીયા<br>૧ હે. ઘાસચારા પાક | — |
| ૨. | ૧૯૯૦-૯૧ થી ૧૯૯૩-૯૪ | સંકરગાયો (૩)<br>કાંકરેજ ગાયો (૩)<br>મહેસાણી ભેંસો (૩) | ૨ હેક્ટર<br>૨ હેક્ટર<br>૨ હેક્ટર | ૩૨૫૨૦/-<br>૯૪૦૧/-<br>૧૪૭૭૪/- | ૪૩૧૭૫/-<br>૨૫૪૨૯/-<br>૨૦૦૫૬/- | ૧ હે. રોકડીયા પાક<br>૧ હે. ખાસચારા પાક | ૨૮.૪૪ લી/દિન<br>૧૭.૩૪ લી/દિન<br>૧૦.૦૯ લી/દિન |
| ૩. | ૨૦૦૩-૦૪ થી ૨૦૦૫-૦૬ | મહેસાણી ભેંસો (૩)<br>મહેસાણી ભેંસો (૩)<br>મહેસાણી ભેંસો (૩) | ૨ હેક્ટર<br>૨ હેક્ટર<br>૨ હેક્ટર | ૮૧૬૦/ભેંસ<br>૧૧૦૮૬/ભેંસ<br>૭૯૦૬/ભેંસ | —<br>—<br>— | ● ૧.૫ હે. રોક.પાક + ૦.૫ ઘાસચારો<br>● ૧ હે. રોક.પાક + ૧ હે. ઘાસચારો<br>● ૦.૫ હે. રોક.પાક + ૧.૫ હે. ઘાસચારો | |
| ૪. | ૨૦૦૦-૦૧ થી ૨૦૦૨-૦૩ | ૧ કાંકરેજ +<br>૨ મહેસાણી<br>૨ કાંકરેજ +<br>૧ મહેસાણી<br>૩ મહેસાણી ભેંસો | ૨ હેક્ટર<br><br>૨ હેક્ટર<br><br>૨ હેક્ટર | ૧૪૨૧૫/-<br><br>૧૨૫૮૯/-<br><br>૩૧૦૮૬/- | ૨૩૭૭૪/-<br><br>૨૨૧૪૮/-<br><br>૪૦૪૬૫/- | ૧.૩૩ હે. રોક.પાક +<br>૦.૭ હે. ઘાસચારા | |
| | | | | ઈનપુટ આઉટપુટ | | | |
| ૫. | ૨૦૦૬-૦૭ થી ૨૦૦૮-૦૯ | ૫ મહેસાણી બકરી<br>૧૦ મહેસાણી બકરી<br>૧૫ મહેસાણી બકરી<br>૨૦ મહેસાણી બકરી | ૧ હેક્ટર<br>૧ હેક્ટર<br>૧ હેક્ટર<br>૧ હેક્ટર | ૧:૧:૩૨<br>૧:૧:૨૮<br>૧:૧:૨૮<br>૧:૧:૨૮ | | ૦.૭૫ હે. રોક. પાક +<br>૦.૨૫ હે. ઘાસચારા<br>૦.૫૦ હે. રોક. પાક +<br>૦.૨૫ હે.રોક. પાક +<br>૦.૭૫ ઘાસ ૧ હે.ઘા. | |

મિશ્રખેતીના તાજેતરમાં થયેલ સર્વેક્ષણો મુજબ દાંતીવાડ કૃષિ યુનિવર્સિટી દ્વારા દતક લીધેલ ગામડાઓમાં નાના ખેડૂતો (૦.૨ હેક્ટરથી ઓછી) સરેરાશ ૫ ભેંસો સાથે ૩ સંકર ગાયો અથવા ૧.૨૩ કાંકરેજ ગાયો રાખે છે. જ્યારે ભેંસો સાથે ૧૦ સંકર ગાયો રાખે છે. (એન.આર.પી. સરવે ૨૦૧૧-૧૨) ૮૦ ટકા ખેડૂતો તેમનું દૂધ સહકારી મંડળીમાં ભરાવે છે. સરેરાશ ખેતીની જમીન નાના ખેડૂતો પાસે ૧૦૩ હેક્ટર, મધ્યમ ખેડૂત પાસે ૩.૨૫ હેક્ટર અને મોટા પાસે ૫.૩ હેક્ટર જેટલી માલુમ પડેલ છે.

**ડેરી ફાર્મિંગને લગતા એકમો તથા અન્ય માહિતીઓ :**

અહીં નીચે દર્સાવેલ સંકર ગાય, કાંકરેજ ગાય અને મહેસાણી ભેંસની સરખામણી કરવામાં આવેલ છે. જેની ધારણાઓ નીચે મુજબ છે.

| ધારણાઓ | સંકર ગાય | કાંકરેજ ગાય | મહેસાણી ભેંસ |
|---|---|---|---|
| દૂધ (લીટર) | ૩૫૦૦ | ૩૦૦૦ | ૧૮૦૦ |
| ફેટ (ટકા) | ૩.૫૦ | ૫.૦૦ | ૭.૦૦ |
| દાણ (કિ.ગ્રામ) | ૪.૬૬ | ૪.૦૦ | ૨.૪૦ |
| લીલો ઘાસચારો (કિ.ગ્રા) | ૨૦.૦૦ | ૧૫.૦૦ | ૨૦.૦૦ |
| સુકો ઘાસચારો (કિ.ગ્રા.) | ૭.૦૦ | ૬.૦૦ | ૭.૦૦ |
| દવાઓ (રૂા.) | ૧૦૦૦.૦૦ | ૩૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| મજુરી (રૂા.) | ૧૬૦ રૂા./દિ. | ૧૬૦ રૂા./દિ. | ૧૬૦ રૂા./દિ. |
| દુધાળ દિવસો | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ |

**વાર્ષિક ખર્ચ :**

| ધારણાઓ | સંકર ગાય | કાંકરેજ ગાય | મહેસાણી ભેંસ |
|---|---|---|---|
| દાણ (કિ.ગ્રામ) | ૧૮૨૦૦ | ૧૫૬૦૦ | ૯૩૬૦ |
| લીલો ઘાસચારો (કિ.ગ્રા) | ૧૦૯૫૦ | ૮૨૧૨/૫૦ | ૧૦૯૫૦ |
| સુકો ઘાસચારો (કિ.ગ્રા.) | ૧૦૨૨૦ | ૮૭૬૦ | ૧૦૨૨૦ |
| દવાઓ (રૂા.) | ૧૦૦૦ | ૪૦૦ | ૬૦૦ |
| મજુરી (રૂા.) | ૫૮૪૦ | ૫૮૪૦ | ૫૮૪૦ |
| **કુલ ખર્ચ** | **૪૬૨૧૦** | **૩૮૧૨/૫૦** | **૩૬૯૭૦** |

**વાર્ષિક આવક :**

| ધારણાઓ | સંકર ગાય | કાંકરેજ ગાય | મહેસાણી ભેંસ |
|---|---|---|---|
| દૂધની (રૂા.) | ૬૦૦૩૫ | ૭૩૫૦૦ | ૬૧૭૪૦ |
| છાણ (રૂા.) | ૨૮૪૭ | ૨૮૪૭ | ૨૮૪૭ |
| કંતાન (રૂા.) | ૧૦૦૦ | ૮૫૭ | ૫૧૪ |
| કુલ | ૬૩૮૭૨ | ૭૭૨૦૪ | ૬૫૧૦૧ |

**ચોખ્ખો નફો (આવક ખર્ચ) :**

| સંકર ગાય | કાંકરેજ ગાય | મહેસાણી ભેંસ |
|---|---|---|
| ૧૭૬૪૨ | ૩૮૩૯૧-૫૦ | ૨૮૧૩૧ |

**સારાંશ :**

ઉપરોક્ત ગણતરીમાં દર્શાવ્યા મુજબ કાંકરેજ ગાય, સંકર ગાય અને મહેસાણી ભેંસમાંથી ચોખ્ખો નફો અનુક્રમે રૂા. ૩૮૩૯૧.૫૦, ૧૭૬૬૨.૦૦ અને ૨૮૧૩૧.૦૦ છે. જેમાંથી જુદા જુદા યુનિ પ્રમાણે માસિક આવક કાંકરેજ ગાય, સંકર ગાય અને મહેસાણી ભેંસ અનુક્રમે રૂા. ૩૨૪૯-૦૦, ૧૪૭૧-૦૦, ૨૩૪૪-૦૦ જેટલી થયેલ છે. આ ઉપરથી કહી શકાય કે આ ત્રણેય એકમમાં કાંકરેજ ગાય સૌથી સારી આવક આપનારી છે. જેમાં બીજા એકમની સરખામણીએ માદ જન્ય રોગો અને બીજા રોગો પણ ઓછા જોવા મળે છે.

કાંકરેજ ગાયને સારી રીતે સારસંભાળ લેવામાં આવે તો હજુ પણ તેના ગુણોમાં સુધારો કરી શકાય છે.

**પ્રગતિશિલ ખેડૂતો :**

ડૉ. દિનેશભાઈ જુડાલ પાસે ૬૦ જેટલી ઉચ્ચ ઓલાદની કાંકરેજ ગાયો રાખે છે. જેમાંતી તે વાર્ષિક રૂા. ૨૫,૦૦૦,૦૦ કરતા પણ વધુ આવક મેળવે છે. જેમનો હાલમાં જ ગાંધીનગર ખાતે કૃષિ શીબીરમાં પ્રગતિશીલ પશુપાલન તરીકે પુરસ્કાર આપવામાં આવેલ છે.

માલતીબેન પણ સાબરકાંઠાના એક પ્રગતિશીલ પશુપાલક છે. જેમની પાસે ૨૫-૩૦ સંકર ગાયો છે. જેમાંથી તેઓ વાર્ષિક રૂા. ૧૨ - ૧૫ લાખ કરતા પણ વધુ આવક મેળવે છે. જેમાં તેઓ વાછરડીઓનો ઉછેર કરી વેચાણમાંથી પણ સારી એવી આવક મેળવે છે.

ક્રિષ્નાબેન પટેલ, ચરાડા, તા. માણસા પ્રગતિશીલ પશુપાલક છે. ૩૦-૪૦ સંકરગાયો દ્વારા વાર્ષિક રૂા. ૧૫-૨૦ લાખની આવક મેળવે છે.

## ગામડાં ની દિવ્ય ઓષધીઓ

યોગ અને ઓષધી ભગાડે રોગ, જેનું પેટ બહાર એમને રોગ અંદર અને જેનું પેટ અંદર તેનો રોગ બહાર.

'તરુનો બહું મોટો આભાર... જગત પર' (૨)

આ ઋતુ ઋતુનો મેવો ખાવાથી શરીર નિરોગી રહે છે, તેનો અનુભવ કરો, ગામડાના પાદરમાં, ગામડાના ખરાબામાં, ગામડાના ખેતરોમાં અસંખ્ય વનસ્પતિઓનું આપણને દર્શન થાય છે તે વનસ્પતિઓ પૈકીની કેટલીક તો ખૂબ જ સહેલાઈથી મળી આવતી ખૂબ જ ગુણકારી અને શ્રેષ્ઠ ઔષધની ગરજ સારે તેવી હોય છે. ગામડાંની એક જાતની અખૂટ સંપત્તિ જ છે. ગામડાંની એ ભૂલાતી સંપત્તિને યાદ કરવાનો આ અલ્પ પ્રયત્ન છે. તમારા ઘરમાં સારા પ્રસંગોએ સ્નેહ મિલનમાં આનંદની પળો આ પુસ્તક ભેટ આપવાથી તમારું કાયમી સંભારણું રહે છે. તેનાથી તેને તે વાંચીને એ ઔષધીઓનો ઉપયોગ કરશે તો ડાકુ, ડૉક્ટરોનો ઘર ભરવામાંથી પાછાં વળશે. આ ઔષધીઓ જીરો બજેટથી મળશે. ફક્ત તેને વાંચી સમજીને અમલમાં મુકીને એક બીજાને કહીને ઉપયોગી બનશો તો તમે એક સારા ડૉક્ટરની ગરજ બની શકો છો.

દરેક ગામમાં પાણીની પરબ, છાશની પરબ, રામ રોટી, પક્ષીઓ ચણ, કીડીઓને નગરાં પૂરવાં, વિગેરે સેવાની સરિતાઓ વહાવી શકો છો. એમ ઔષધીઓનો ઉપરયોગ કરવામાં આવે તો ગામડાંમાંથી માંદગી આપોઆપ જ ભાગી જાય છતાં રોગો તો માનવજાત સાથે જ ઘડાયેલાં છે. ખૂબ દવાઓ ખાઈ ખાઈને જેણે પોતાની શક્તિ ક્ષીણ કરી છે તેને કદાચ ઉણાં ઉતરી શકે છે. છતાં આ કોઠાસુઝની ઓષધીઓ જરૂર ગુણ કરે જ છે. વિના ખર્ચે સરળતાથી સર્વત્ર મળી આવતી વનસ્પતિઓના ગુણો ધ્યાનમાં રાખી તેનો ઘૂટથી ઘરગથ્થુ ઉપયોગ કરવા માટેની સમજ આપતું આ પુસ્તક છે. આપણું શરીર પંચમહાભૂતોનું બનેલું છે. તેથી વનસ્પતિઓનો મૂળ, થડ, પાન, ફૂલ, બીજ એ પંચોગમ્ય ગુણો શોધી કાઢ્યા છે. તેનો ઉપયોગ કરતાં શીખો એજ પ્રાર્થના છે.

# આપની ખેતીની જમીનની રી સરવે કામગીરીની સાચી હકીકત જાણો..!!

**ખેડૂત ખાતેદારને માપણી કામગીરીથી સંતોષ થાય ત્યાં સુધી જમીન રેકર્ડ આખરી કરવામાં નહીં આવે...**

⇛ કોઈપણ ખેડૂત ખાતેદારની તસુભાર જમીન પણ ગેરવ્યાજબી રીતે સરકાર પક્ષે દાખર કરવામાં આવશે નહીં.

⇛ રી સરવે રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી ચાલુ છે તેમાં માપણી વિષયક કોઈપણ વાંદો હોય તો તેનો ખેડૂતની હાજરીમાં માપણી કરી તેને સતોષ થાય તેવી રીતે કામગીરી કરવામાં આવશે.

⇛ જમીન માપણી સંપૂર્ણ રીતે પારદર્શક રીતે થશે. કોઈપણ ખાતેદારને અન્યાય ન થાય તેને પૂર્ણ કાળજી સરકાર પક્ષે લેવામાં આવશે.

⇛ પ્રમોલગેશન પ્રક્રિયા દરમિયાન જે ખાતેદારોને ભાઈઓ ભાગની જમીનની વહેંચણી કરવાના પણ હસે તેવા તમામ કેસોની અગ્રતાના ધોરણે નિકાલ કરવામાં આવશે.

⇛ સરકારશ્રી દ્વાર રી સરવેનો રેકોર્ડ તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધી ખુલ્લુ રાખવામાં આવશે અને કોઈપણ ખેડૂત માત્ર સાદા કાગળ પર અરજી કરી તેમનો વાંધો રજૂ કરી શકશે નિયમોની કોઈ અટપટી પ્રક્રિયા અનુસરવામાં આવશે નહીં.

**રી સરવે કામગીરીના ફાયદા :**

⇛ સમગ્ર રાજ્યમાં એક સરખા રેકર્ડ

⇛ ડીજીટલ રેકર્ડ, સહેલાઈથી કોમ્પ્યુટર કે ઈન્ટરનેટ પરથી જોઈ શકાશે, નકલો મેળવી શકાશે.

⇛ દરેક ખાતેદારને બાંધમાપ સાથેના નકશા અને ગામ નમુના નં. ૭

⇛ ૯૩ જેટલા જમીનોના ઉપયોગ અને ૨૬ જેટલા જુદા જુદા ફીચર કોડ સાથેની માહિતી દર્શાવતા (જી.આઈ.એસ.) નકશા.

⇛ હવે પછી ખેતરના ભાગ અતિ ચોક્કસ રીતે શક્ય બનશે - કોમ્પ્યુટર પર પણ કરી શકાશે.

⇛ ખાતેદારને પોતાના ખેચરના માપ ખબર હોવાથી અંદરોઅંદરના દબાણ ઘટશે.

**જમીનોની રી સરવે એટલે શું અને હેતુ :**

⇛ રાજયમાં મુળ સરવે બ્રીટીશ અને માજી રાજવીઓ દ્વારા ૧૮ મી અને ૧૯ મી સદીમાં સને ૧૮૮૦ થી ૧૯૩૦ દરમિયાન મહેસુલ ઉઘરાવવાના હેતુસર કરવામાં આવેલ હતી.

⇛ રી સરવે કામગીરી હેઠળ જમીનોની પુનઃ મોજણી કરી ખેતીની જમીન ધારણકર્તાના હાલના કબજા અને સ્થળસ્થિતિ મુજબ અધ્યતન અને ચોક્કસ જમીન રેકર્ડ તૈયાર કરવાનો છે.

⇛ રી સરવે કામગીરીનો હેતુ ખેતીની જમીન ધારણકર્તાના હક્કો, હદો, ક્ષેત્રફળ અને જમીનનો ઉપયોગ આખરી કરવાનો છે.

⇛ દરેક સરવે નંબર અને તેના પૈકી ભાગની પણ માપણી કરી તેને નવા નંબર આપવાનો છે.

**કામગીરી શરૂ કરવામાં ગુજરાત રાજ્ય સરકારની પહેલઃ**

⇛ મુળ સરવે પછી રાજ્ય સરકારે સમગ્ર દેશમાં પહેલીવાર ખેતીની જમીનોની પુનઃ મોજણી કરી નવેસરથી મહેસુલી રેકર્ડ તૈયાર કરવાનો એક સંકલીત કાર્યક્રમ સને ૨૦૦૯-૧૦ થી શરૂ કરેલ છે.

⇛ રાજ્ય સરકારે જમીનોની રી સરવે કરી અતિ આધુનિક, ચોક્કસ અને કોમ્પ્યુટર પરથી આપી શકાય તેવો જમીન રેકર્ડ તૈયાર કરવા કાયદાકીય મંજુરી મેળવી સને ૨૦૦૯-૨૦૧૦થી આયોજન હેઠળ હાથ ધરેલ છે.

⇛ માપણીની ત્રણ પ્રચલીત રીતો પૈકી સૌથી વધારે ચોક્કસ એવી ૧૦૦ ટકા ગ્રાઉન્ડ ટ્રુથીંગ રીતે જેમાં ઈલેક્ટ્રોનિક ટોટલ સ્ટેશન અને ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ વડે માપણી થાય છે.

**રાજ્યમાં ત્રણ તબક્કે રી સરવે કામગીરી આઉટ સોર્સ દ્વારા ફાળવણી :**

⇛ આ કામગીરી અત્યંત પારદર્શી રીતે રાષ્ટ્રીય લેવલે બહોળી પ્રસિદ્ધી ધરાવતા અખબારોમાં જાહેર ખબર પ્રસિધ્ધ કરી ઓનલાઈન સ્પર્ધાત્મક ટેન્ડરો મેલવી રાષ્ટ્રીય સ્તરે નિષ્ણાત અને જમીન મોજણીની કામગીરીના અનુભવ ધરાવતી ૯ એજન્સીઓ મારફતે પ્રગતિમાં છે જેમાં (૧) ૧૫ જિલ્લા પ્રથમ તબક્કે (૨૦૧૧-૧૨) ૧૦૪ તાલુકા, ૮૩૧૦ ગામ (૨) ૧૧ જિલ્લા બીજા તબક્કે (૨૦૧૩-૧૪) ૧૨૬ તાલુકા, ૭૮૬૦ ગામ (૩) ૭ જિલ્લા ત્રીજા તબક્કે (૨૦૧૩-૧૪) ૪૨ તાલુકા, ૨૫૫૩ ગામ.

**માપણી અને રેકર્ડ તૈયાર કરવાની રીત :**

⇛ સમગ્ર રાજ્યમાં આધુનિક માપણીના સાધનો જી.પી.એસ. મશીન દ્વારા સમગ્ર જિલ્લામાં ગ્રાઉન્ડ કંટ્રોલ નેટવર્ક (ગ્રીડ) ઉભી કરી માપણી હાથ ધરવામાં આવે છે.

**વિગતવાર માપણી :**

⇛ રી સરવે કામગીરીની ખેડૂત ખાતેદારોને જાણકારી : રી સરવે કામગીરી શરૂ કરતા પહેલા ખેડૂત ખાતેદારોને માપણી સમયે તેમણે કરવાની કાર્યવાહી સમજાવવા ગ્રામ સભા.

⇛ વિગતવાર માપણીના કાર્યક્રમની જાહેરાત કરી ખાતેદારોને માપણી સમયે હાજર રહી પોતાના સરવે નંબરની હદ બતાવવા વિનંતી.

⇛ કાર્યક્રમ મુજબ ગામની તમામ જમીનની ઈલેક્ટ્રોનિક ટોટલ સ્ટેશન મશીન વડે દરેક ખાતેદારની હાજરીમાં માપણી.

**માપણી થયેલ ખેતરના નુકશાની વહેંચણી અને ખાતેદાર દ્વારા ચકાસણી :**

⇛ દરેક જમીનના ધારણકર્તાને તેની જમીનની માપણી ચકાસણી કરવા માટે એક નોટિસ સાથે નકશા આપવામાં આવે છે.

⇛ ખાતેદારે નવી માપણી સાચી છે કે તે તેની જાત ખરાઈ કરી માપણી અંગે જો કોઈ વાંધો હોય તો તે ગામે રજુ કરવાના હોય છે.

⇛ વાંદાના નિકાલ કરવામાં મહેસુરી કર્મચારીઓની ટીમ રૂબરૂ જઈ વાંધા નિકાલ કરે છે.

⇛ જો માપણીમાં ભુલ માલુમપડે તો ફરી માપણી કરવામાં આવે છે.

⇛ રાજયમાં માપણી પછી ૮ લાખ જેટલી રજુઆતો મળેલ છે, જે પૈકી ૭.૮ લાખ રજુઆતોનો નિકાલ કરેલ છે.

**રેકર્ડની ચકાસણી અને આખરી રેકર્ડ તૈયાર કરવું :**

⇛ કામગીરી જમીન દફતર ખાતાના સીધા સુપરવિઝન હેઠળ

⇛ અધિકારીઓ અને સરવેયરો સતત ટેકનિકલ સુપરવિઝન, ડેટાની ચકાસણી

⇛ એડજુડીકેશન અને રેકર્ડ પ્રમાણીત કરવાની કામગીરી કરી રહેલ છે.

⇛ ગામ નકશા સહિત ૧૧ પ્રકારના જુદા જુદા રેકર્ડની સઘન ચકાસણી

⇛ સરવેયર, એજન્સી, પ્રાંત અધિકારી, મામલતદાર, સર્કલ ઈન્સપેક્ટર અને તલાટી સંયુક્ત ચકાસણી.

**રેકર્ડ ચકાસણી બાદ નવા તૈયાર થયેલ રેકર્ડને પ્રમોલગેશન કરી અમલમાં લાવવું :**

⇛ ઉપરની પ્રક્રિયા પછી સંબંધિત પ્રાંત અધિકારી / સુપરિન્ટેન્ડીંગ જમીન રેકર્ડ મારફતે જમીન મહેસૂલ નિયમોમાં જણાવ્યા મુજબ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી નવું રેકર્ડ અમલમાં મુકવામાં આવે છે.

⇛ ૩૦ દિવસ માટે ગામે રેકર્ડ ચકાસણીના હેતુસર ખુલ્લુ.

⇛ આ તબક્કે પણ ખાતેદાર વાંધો રજુ કરી શકે છે અને વાંધાના નિકાલ બાદ રેકર્ડ પ્રમાણીત (પ્રમોલગેશન) જાહેર.

⇛ પ્રમોલગેશન બાદ ખેતરના નકશા (બાંધમાપ) સાથેના ગામ નમુના નં. ૭ ઉપલબ્ધ.

**રી સરવે અંગેની નાણાકીય જોગવાઈ :**

⇛ રી સરવે કામગીરી ૨૦૦૯-૧૦ થી અમલમાં તમામ ૩૩ જિલ્લા માટે કરેલ કરારની કુલ કિંમત રૂા. ૨૭૦ કરોડ

માર્ચ ૨૦૧૭ સુધી તમામ ૩૩ જિલ્લા માટે અત્યાર સુધી ૫૦ ટકા મુજબ કુલ રૂપિયા ૧૪૦ કરોડનો ખર્ચ થયેલ છે.

**રેકર્ડ પ્રમોલગેશન પછી પણ રેકર્ડ સામે ખાતેદારને વાંધો હોય તો ?**

⇛ રેકર્ડ પ્રમોલગેશન બાદ તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધી સાદી અરજી દ્વારા દાદ - સરકારશ્રી દ્વારા તા. ૧૪-૩-૨૦૧૬ થી ખાસ ઠરાવ.

⇛ કોઈપણ માપણી ફી ભરવા માંથી મુક્તિ અને ફરીથી માપણી અને અપિલ જેવી કોઈ અટપટી પ્રક્રિયા નહીં.

## આપની જમીન, આપનો હક્ક સુરક્ષિત છે અને રહેશે...!!!

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામક, મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

## કૃષિપ્રધાન દેશમાં ક્યારે એક ખેડૂતને રાજ્યસભામાં સ્થાન મળશે..!!?

સચીન તેંદુલકર, રેખા જય બચ્ચન, પરિમલ નથવાણી સહિતની હસ્તીઓ રાજ્યસભાની સાંસદ છે. આ તમામ હસ્તીઓ કોઈ જાતની રાજકીય કારકિર્દી ન ધરાવતી હોવા છતાં દેશના વિકાસમાં યોગદાન આપવા બદલ આ તમામ હસ્તીઓને વિવિધ



રાજકીય પક્ષો દ્વારા રાજ્યસભાના સાંસદનું પદ આપવામાં આવ્યું છે. વેપાર ઉદ્યોગ, રમતગમત તેમજ ફિલ્મ સાથે સંકળાયેલી હસ્તીઓને દેશમાં આપેલા યોગદાન બદલ રાજ્યસભાના સાસંદ બનાવાય છે. પણ આઝાદીના સાત દાયકા બાદ પણ દેશની કરોડરજ્જુ સમાન કૃષિ ક્ષેત્રમાંતી કોઈ ખેડૂતને આ બહુમાન આપવાનો વિચાર કોઈ રાજકીય પક્ષને કેમ નથી આવતો ? ગુજરાતની ત્રણ રાજ્યસભાની બેઠકો માટે છેલ્લા થોડા દિવસોથી કેવા કેવા નાટક થયા એ તમામ લોકો જાણે છે. ખેતીનો વ્યવસાય એ ભારતમાં સૌથી વધુ રોજગારી પુરી પાડે છે. ખેડૂત એ દેશની સૌથી મોટી વોટ બેંક પણ છે. વેપાર - ઉદ્યોગ, ફિલ્મ અને રમત ગમત ક્ષેત્રની જે હસ્તીઓને રાજ્યસભાના સાંસદ બનાવાય છે. એમાંથી મોટાભાગની હસ્તીઓ તો ભાગ્યે જ રાજ્યસભાની ચર્ચામાં હાજરી આપે છે. સરકારી બેંકોનું હજારો કરોડનું ફૂલેકી ફેરવીને વિદેશ ભાગી જનાર વિજય માલ્યા પણ રાજ્યસભામાં સાંસદ બની ચુક્યો છે.

## ખેતીલાયક ફળદ્રુપ જમીનનું સરકારી સંપાદનઃ ખેડૂતોમાં રોષ

વડોદરા - મુંબઈ એક્સપ્રેસ હાઈવે, બુલેટ ટ્રેન, દિલ્હી - મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર સહિતના પ્રોજેક્ટ માટે વડોદરા, ભરૂચ, નર્મદા,સુરત, નવસારી, વલસાડ સહિતના વિસ્તારોમાંથી હજારો હેક્ટર ખેતીલાયક અને ફળદ્રુપ જમીનનું સરકાર દ્વારા સંપાદન થવા જઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે વડોદરા - મુંબઈ એક્સપ્રેસ હાઈવે માટે મધ્ય અને દક્ષિણ ગુજરાતની ૩૨૦૦ હેક્ટરથી વધુ ખેતીલાયક જમીન સરકાર દ્વાર સંપાદિત થશે. જ્યારે બુલેટ ટ્રેન માટે પણ ગુજરાતમાંથી ૩૫૦૦ હેક્ટરથી વધુ જમીન સંપાદિત થાય એવી શક્યતા છે. આ તમામ સરકારી પ્રોજેક્ટના કારણે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં પણ મોટા પ્રમાણમાં ખેડૂતોની જમીન જાય એવી શક્યતા છે. ખેતીલાયક તેમજ ફળદ્રુપ જમીન આ રીતે લઈ લેવાની કામગીરી સામે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારની આ કામગીરી સામે રાષ્ટ્ર વ્યાપી લડત ચલાવવા માટે આગામી તા. ૯ ઓગસ્ટે મહારાષ્ટ્રના તલાસરી ખાતે દેશમાં ૨૫ જેટલા ખેડૂત સંગઠનોની બેઠક યોજાશે. આ બેઠકમાં સરકાર સામે લડતની વ્યૂહરચના તૈયાર થશે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## મધ્યપ્રદેસમાં ડુંગળીની સરકારી ખરીદીમાં મોટુ આર્થિક કૌંભાડ

મધ્ય પ્રદેશ સરકાર દ્વારા જૂન જુલાઈ મહિના દરમિયાન ખેડૂતો પાસેથી રૂા. ૮ પ્રતિ કિલોના ભાવથી ૮.૭૬ લાખ ટન ડુંગળી ખરીદી હતી. જેમાં સરકારે ૭૫૦ કરોડનો જંગી ખર્ચ કર્યો. આ બાદ એટલે કે ચેલ્લા બે સપ્તાહથી ડુંગળીના બાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે. જેમાં ડુંગલીના ભાવ ત્રણ ગણા વધીને હોલસેલ બજારમાં રૂા. ૨૦ થી રૂા. ૨૪ પ્રતિ કિલો થઈ ગયો છે. મધ્ય પ્રદેશની મંદસોર મંડીમાં હાલ ડુંગળીમાં પ્રતિ ક્વીન્ટલ (૧૦૦ કિલો) રૂા. ૨૦૦૦ થી રૂા. ૨૪૦૦ ના ભાવ જોવા મળ્યા છે. આથી સરકારને સસ્તામાં ડુંગળી વેચનારા ખેડૂતોને મોટુ આર્થિક નુકસાન થયુ છે. જ્યારે સામા પક્ષે ખેડૂતો પાસેતી ખરીદાયેલ ડુંગળી યોગ્ય સંગ્રહ વ્યવસ્થા ન હોવાના કારણે મધ્ય પ્રદેશમાં સડી ગઈ છે.જેમાં ૪૦ પૈસા પ્રતિ કિલોના ભાવથી ખાતર બનાવવા માટે સરકાર આ સડેલી ડુંગળીનું વેચાણ કરી રહી છે. જો કે, સમગ્ર કાર્યવાહી મોટુ આર્થિક કૌંભાંડ બહાર આવ્યું છે. ખેડૂતો પાસેથી રૂા. ૮ પ્રતિ કિલોના ભાવે ડુંઘલીની ખરીદી કરીને એણે ખાનગીમાં ઉંચા ભાવે વેચીને બાદમાં આ ડુંગળીને સડી ગઈ હોવાનું દર્શાવીને મોટુ આર્થિક કૌંભાડ થયુ હોવાનું વિગતો બહાર આવી છે. જેમાં સરકારના ખાદ્ય આપૂર્તિ વિભાગના જનરલ મેનેજર શ્રીકાંત સોની અને શાજાપુર મંડીના સેક્રેટરી વિરેન્દ્રકુમાર સામે ભ્રષ્ટાચારનો કેસ કરીને તેઓને પદ પરથી હટાવવામાં આવ્યા છે. આ મામલામાં હજુ ઉચ્ચ અધિકારી તેમજ નેતાઓની સંડોવણી બહાર આવે એવી શક્યતા છે.

## દેશમાં અતિવૃષ્ટિના લીધે ૧૯ લાખ હેક્ટરમાં વાવેતર નિષ્ફળ

કેન્દ્રિય કૃષિ વિભાગે જાહેરા કરેલા આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં ૮૦ ટકા ચોમાસુ વાવેતર પૂર્ણ થયુ છે. ગુજરાત, રાજસ્થાન સહિતના રાજ્યોમાં પૂરના કારણે ખેતીને વ્યાપક નુકસાન થતા દેશમાં અંદાજે ૧૯ લાખ હેક્ટર જમીનમાં વાવેતર નાશ પામ્યુ છે. આથી આ જમીનમાં હવે પુનઃ વાવણી ખેડૂતો દ્વારા કરવામાં આવશે. કૃષિ વિભાગના આંકડા પ્રમાણે આ ચૌમાસુ સિઝનમાં દેશમાં અત્યાર સુધીમાં ૮૭૮ લાખ હેક્ટર જમીનમાં ચોમાસુ વાવેતર પૂર્ણ થયુ છે. ગયા વર્ષે આ સમયગાળા સુધીમાં ૮૫૫ લાખ હેક્ટર જમીનમાં ચોમાસુ વાવેતર પૂર્ણ થયુ છે. ગયા વર્ષે આ સમયગાળા સુધીમાં ૮૫૫ લાખ હેક્ટરમાં વાવેતર થયુ હતું. જેમાં ડાંગરનું વાવેતર ૨૮૦ લાખ હેક્ટર થયુ છે. જે ગયા વર્ષે ૨૬૯ લાખ હેક્ટર હતુ. કપાસનું વાવેતર ૧૧૪ લાખ હેક્ટર થયુ છે. જે ગયા વર્ષે આ સમયે ૯૬ લાખ હેક્ટર હતું. કઠોળનું વાવેતર ૧૨૧ લાખ હેક્ટર થયુ છે. જે ગયા વર્ષે આ સમય ૧૧૬ લાખ હેક્ટર હતું. શેરડીનું વાવેતર ૪૯ લાખ હેક્ટરમાં આ વર્ષે નોંધાયુ છે. જે ગયા વર્ષે આ સમયે ૪૫ લાખ હેક્ટરમાં હતું.

## કૃષિ સંલગ્ન વેપાર કરવા યુવાનો માટે 'એગ્રી ઉડાન' યોજના

ખેતીને સલગ્ન વ્યસાય કરવા ઈચ્છુક યુવા ઉદ્યોગ સાહસિકો માટે કેન્દ્ર સરકારના કૃષિ વિભાગ દ્વારા 'એગ્રી ઉડાન' યોજના લોન્ચ કરવામાં આવી છે. ICAR (ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચર રિસર્ચ) અને NAARM (નેશનલ એકેડમી ઑફ




એગ્રીકલ્ચર રિસર્ચ મેનેજમેન્ટ)ના સહયોગથી આ યોજના તૈયાર થઈ છે. જેમાં ખેતી સંલગ્ન ઉદ્યોગ શરૂ કરવા ઈચ્છતા યુવાનોને વિવિધ રીતે સહાય કરવામાં આવશે. આ માટે દેશભરના યુવા સાહસિકો પાસેથી વેપાર અંગેના આઈડિયા તેમજ વ્યૂહરચના મંગાવવામાં આવશે. જેમાંથી અમુક યુવાનોની પસંદગી થશે. યુવા સાહસિકોની પસંદગી માટે અમદાવાદ સહિત દેશના સાત મોટા શહેરોમાં રોડ શો કરવામાં આવશે. આ ઉપરાંત www.aidea.naarm.org.in પર ઓનલાઈન ફોર્મ ભરીને પણ યુવાનો 'એગ્રી ઉડાન' માટે અરજી કરી શકશે. આ યોજના હેઠળ જે યુવા ઉદ્યોગ સાહસિકોની પસંદગી થશે તેઓને કૃષિ સંલગ્ન ઉદ્યોગ સરૂ કરવામાં માટે રૂા. ૨૫ લાખની આર્થિક સહાય તેમજ જરૂરી તાલિમ આપવામાં આવશે. 'એગ્રી ઉડાન' સાથે યુવાનોને જોડવા માટે અમદાવાદ ખાતે આગામી તા. ૧૯ ઓગસ્ટે રોડ શો થશે. જ્યારે મુંબઈમાં તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ રોડ શો થશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ યોજના દ્વારા ૧૨ જેટલા સ્ટાર્ટઅપ શરૂ કરાવવાનું આયોજન સરકાર દ્વારા થયું છે.




'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો

'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

## અતિવૃષ્ટિના કારણે ઉત્તર ગુજરાતમાં ૧ લાખ ખેડૂતોને નુકસાન...

ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણએ થયેલ નુકસાન બાબતે ૩૭૮ જેટલી ટીમો દ્વારા સર્વે થઈ રહ્યો છે. અત્યાર સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ૧૬૩૯ ગામોનો સર્વે થઈ ટુક્યો છે. જ્યારે ૭૮૭ ગામોનો સર્વે હજુ બાકી છે. કુલ



વિસ્તારોમાંથી ૬૫ ટકા વિસ્તારોમાં સર્વે થઈ ગયો છે. જેમાં અતિવૃષ્ટિથી ૪.૫૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં કૃષિ પાકોને નુકશાન થયું હોવાનું સર્વેમાં જણાયું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે તંત્રના અત્યાર સુદીના સર્વેમાં કૃષિ પાકોને ૧૪૨ કરોડનું નુકસાન થયું હોવાનું બહાર આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૨.૬૫ લાખ હેક્ટરમાં પાકને નુકસાન થયુ છે. જ્યારે પાટણમાં ૧.૫૯ લાખ હેક્ટરમાં કૃષિ પાકોને નુકસાન થયુ છે. સર્વે જલ્દીથી પુરો થાય એ માટે તંત્ર દ્વારા આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ થઈ રહ્યો છે.

## પૂરગ્રસ્ત વિસ્તારોમાં રેતી, કાંપ માટે બે મહિના રોયલ્ટી માફ

બનાસકાંઠા અને પાટણના પૂરગ્રસ્ત વિસ્તારોમાં મોટા પ્રમાણમાં રેતી અને કાંપના ઢગ જોવા મળે છે. ખાસ કરીને ખેતીની જમીનમાં પૂરના કારણે આવેલી રેતી ખેડૂતો માટે ચિંતાનું



કારણ બની છે. આ રીતે પૂરના કારણે આવેલ રેતી અને કાંપનો જલદીથી નિકાલ થાય એ માટે ગુજરાત સરકારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં બે મહિના માટે રોયલ્ટી માફી આપી છે. આથી આ વિસ્તારોમાંથી હવે સરકારને રોયલ્ટી ચુકવ્યા વગર ખેતરમાંથી રેતી લઈ શકાશે. ખેડૂતો પોતાના ખેતરમાંથી રેતીનું વેચાણ પણ કરી શકશે. બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો કલેક્ટરની મંજુરી મેળવીને ૨૦ હજાર મેટ્રીક ટન સુધીનો જથ્થો આ રીતે પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી લઈ શકશે. પૂરના કારણે આવેલી રેતી અને કાંપ લેવા ઈચ્છતા લોકોને કોઈપણ પર્યાવરણ મંજુરી વગર કે માઈનીંગ પ્લાન હોવાનો આગ્રહ રાખ્યા વગર ઝડપથી આ માટેની મંજુરી આપવામાં આવશે. આ માટે મંજુરીની પ્રક્રિયા ઝડપી બને એ હેતુથી બનાસકાંઠા અને પાટણ જિલ્લાની કલેક્ટર કચેરીઓમાં હંગામી ધોરણે ખરાણ - ખનીજ વિભાગના કર્મચારીઓની ભરતી પણ કરવામાં આવી છે.

# ગાય આધારિત કુદરતી ખેતી દ્વારા

# સ્થાયી વિકાસના પ્રયાસ માટે એક ઉત્કૃષ્ઠ સંસ્થા એટલે - 'શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ જેનો પરિચય તબક્કાવાર મેળવીશું'

**સંસ્થાનો ઉદેશ**

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સ્થાપક સ્વ. પુરુષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકીએ પોતાના જીવનકાળ દરમિયાન લક્ષ્ય અને સિદ્ધાંતથી કાર્ય કર્યુ, મહેનત અને નીતીથી આગળ વધવું, સાથે સમાજને પણ તેનો વધુ લાભ મળે એટલે કે, સ્વાર્થ અને પરમાર્થનું બેલેન્સ જાળવ્યું, જેના કારણે પોતાની નોકરી તથા ધંધાના કાર્ય વચ્ચે આરામ અને જમવાના સમય સિવાય સતત પ્રવૃત્તિમાં રહ્યા. સમગ્ર જીવનકાળમાં ૮૪ વર્ષમાં એકંદરે ૧૬ કલાકમાંથી સમાજ કાર્ય માટે ચોક્કસ સમય ફાળવતા પછી તે સમાજ ઉપયોગી કાર્ય હોય કે, લોકોના હિત માટેનું, ઔદ્યોગીક વિકાસ માટેનું એસો. હોય, સરકાર સાથે પણ માત્ર કાયદાની બાબતમાં તેમજ ગ્રામવિકાસની પ્રવૃત્તિમાં સંવાદ સાથે ચિંતીત રહેતા. નિવૃત્તિ બાદ રોટરી કલબ દ્વારા જનાબદારીથી કામગીરી કરી. એમની કર્મયોગી વિચારધારા, મહેનત, માનવધર્મ પ્રત્યેના શ્રધ્ધાના બળે ધંધાકીય ક્ષેત્રે એક દિશાસૂચક પ્રગતિ કરી. એ જ ગુણ પરિવારના સદસ્યોમાં ઉતાર્યા.

આ પ્રવૃત્તિમાં વેગ આવે તે હેતુથી પારિવારીક ટ્રસ્ટ થાય તે માટે અનુભવો, વાસ્તવિક્તાઓ અભ્યાસ બાદ પ્રત્યક્ષ કાર્ય કરીને દરેક કાર્યને સમાજ ઉપયોગી બનાવવા શરૂઆત કરી.

ગાય આધારીત ખેતી, ખેત ઉત્પાદનોને ઘર આંગણે બજારનો પ્રયોગ, આયુર્વેદમાં ઔષધિવન, માનવ / પશુ / ખેતીના રોગોપચારના પ્રયોગો, ગોબરગેસ, સોલાર ઉર્જા, કુટીરઉદ્યોગ, કોસ્મેટીક, આયુર્વેદિક ઉત્પાદનો વિગેરે એકબીજાના આનુસાંગિત પાસાં સમજી સમાજ ઉપયોગી થાય, એ વાત સમાજ સુધી પહોચાડવા માટે ટ્રસ્ટની ઓફીસ - કેમ્પસ (ચિંતન)ને પ્રાકૃતિક સંસાધનો દ્વારા રચના કરીને, પ્રાકૃતિક સુંદરતાનો અહેસાસ લોકોને ખુબ જ આકર્ષતો રહ્યો છે.

તેમજ પ્રદર્શન, નિદર્શન દ્વારા કાર્ય નિરીક્ષણ સાથે માહિતીપ્રદ બનાવતાં વારંવાર લોકો મુલાકાત લે છે, સમજે છે, અપનાવે છે તેમજ ક્યારેક તાલીમ - સેમિનારો દ્વારા પણ આ વાતને સમાજ સુધી પહોંચાડવાના પ્રયત્નો સંસ્થા કરે છે. શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ એ અમારા પરિવાર દ્વારા સમગ્ર જીવસૃષ્ટિ, પ્રકૃતિ સ્વરૂપ પરમ તત્વને સમર્પિત કરીએ છીએ. જેમાં અમારો ઋણ અદા કર્યાનો પણ ભાવ સમાયેલ છે.

એક માનવ તરીકે તેમજ ઉદ્યોગની દષ્ટિએ પણ અમારી ફરજનો એક ભાગ સમજીને કાર્ય કરી રહ્યા છીએ. આ કાર્યમાં અમારા પરિવારે આગેવાની લીધી છે. પરંતુ તેની સફળતા પાછળ મિત્રો, સંબંધીઓ, કર્મચારીગણ તથા સમગ્ર સમાજ છે. અમો આપ સર્વે પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.


લોક હીતમ્ મમ્ કરણીયમ્

## શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય —**

**'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'**
**'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'**

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**
- શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ
- અનામતો : રૂા.૪.૨૩ કરોડ
- થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
- ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ
- ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ
- નેટ એન.પી.એ. : 'શૂન્ય'
- સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**
- શૈક્ષણિક માર્ગદર્શન
- કારકીર્દી માર્ગદર્શન
- વ્યવસાયી માર્ગદર્શન,
- રાષ્ટ્રી તહેવારોની ઉજવણી
- સભાસદ કલ્યાણ યોજના
- ગ્રામીણ વિકાસ પ્રકલ્પ
- મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**
(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથાૈંજી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**
(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**
જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

**હરસુખભાઈ પંડ્યા** — *ચેરમેન*
**નંદકિશોરભાઈ ગરાચ** — *વાઈસ ચેરમેન*
**છગનભાઈ પેથાણી** — *વાઈસ ચેરમેન*
**મનહરભાઈ સુચક** — *મેનેજીંગ ડીરેક્ટર*
**નરેન્દ્રભાઈ ભુત** — *જો. મેનેજીંગ ડીરેક્ટર*
**સમીરભાઈ જોષી** — *જનરલ મેનેજર*



## શ્રી સર્વોદય ક્રેડીટ કો. ઓપરેટીંગ સોસાયટી લી. બોટાદ

પાંજરાપોળરો, બોટાદ ફોન : ૦૨૮૪૯-૨૪૨૮૪૩

**શુભેચ્છા સહ**

| પ્રગતિની ઝલક | | થાપણ પર વ્યાજનો દરો | |
|---|---|---|---|
| સભા સદ સંખ્યા | ૩૯૮૯ | ૪૬ થી ૯૦ દિવસ | ૪.૫૦% |
| શેર ભંડોળ | રૂા. ૧ કરોડ ૭ લાખ | ૯૧ થી ૧ વર્ષ અંદર | ૫% |
| રિઝર્વ ફંડ | રૂા. ૩ કરોડ ૭૯ લાખ | ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી | ૬.૫૦% |
| ધીરાણ | રૂા. ૬ કરોડ ૪ લાખ | | |
| થાપણ | રૂા. ૨ કરોડ ૩૮ લાખ | *સભાસદોની મરણોત્તર સહાય | |
| નફો (૩૧-૩-૧૭) | રૂા. ૩૯ લાખ ૫૭ હજાર | *૧૫% શેર પર ડીવીડન્ડ | |

**વિનોદરાય વાડીલાલ રોજેસરા** — ચેરમેન
**શ્રીમતી નયનાબેન નંદલાલભાઈ સરવૈયા** — વાઈસ ચેરપર્સન
**મહાસુખભાઈ ઉજમશીભાઈ કણઝરીયા** — મેનેજીંગ ડીરેક્ટર

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ**

હસમુખભાઈ શિવલાલભાઈ શાહ
ઈન્દ્રસિંહ મંગળસિંહ રાયજાદા
જીવરાજભાઈ ભગવાનભાઈ વાનાણી
હસમુખભાઈ પરમાનંદભાઈ પરમાર
બટુકભાઈ છગનભાઈ બોટાદરા
રવજીભાઈ વાલજીભાઈ પ્રજાપતિ
મહેન્દ્રભાઈ મોહનભાઈ માલવણીયા
સવજીભાઈ ઉકાભાઈ શેખ
સચીનભાઈ મથુરદાસ બગડિયા

મહેન્દ્રભાઈ નારણભાઈ પરમાર (મેનેજર)

**તથા કર્મચારીઓ તથા સભાસદ ભાઈઓ તથા બહેનો**

## લોકસરવાણી — બિનખર્ચાળ પદ્ધતિઓ

# સજીવ ખેતપેદાશો વેચવા માટે મંચ

વીસરાતી વાનગીઓના મહોત્સવ થકી છેલ્લાં ચૌદ વર્ષથી સુકાગ્રસ્ત વિસ્તારના ખેડૂતોને સજીવખેત પેદાશો વેચવા માટે એક તક પૂરી પાડવાનું કામ સૃષ્ટિ સંસ્થા દ્વારા થઈ રહ્યું છે. ખેડૂતો અને સહેરી ગ્રાહકો બંને તરફથી એવી માંગ સતત આવે છે કે કાયમી ધોરણે આ સજીવ ખેત પેદાશો વ્યાજબી કિંમતે સુલભ થાય તે માટે કંઈક કરવું જોઈએ. આપમાંથી ઘણા બધા ખેડૂતો - શુભેચ્છકોને ખબર છે કે, સૃષ્ટિ સંસ્થા અવાર નવાર વિવિધ પ્રયોગો કરીને ઉકેલ શોધવા મથે છે. દોઢ વર્ષ અગાઉ અમદાવાદ વસ્ત્રાપુર ખાતે ભાડેથી દુકાન લઈ સજીવખેત પેદાશ વેચવાનો નિષ્ફળ પ્રયોગ પણ સૃષ્ટિ સંસ્થા કરી ચૂકી છે !

ચાલુ વર્ષે સજીવખેતી કરતા ખેડૂતો માટે ઓનલાઈન એપ્લીકેશન (મોબાઈલ એપ) પણ બનાવી. ખેડૂતો મિત્રો, આ બધા જ કામો સૃષ્ટિ સંસ્થા કોઈ પણ વ્યવસાયિક હિત વિના કરવા મથતી હોય છે. બજારની માંગ અને ખેડૂત પાસેના ઉપલબ્ધ જથ્થા વચ્ચેની ખાઈ (ગેપ) પૂરી કરવા હજુ અમે સફળ થયા નથી ! સજીવખેતી કરતા ખેડૂતો અને ગ્રાહકોને જોડતી એક જીવંત કડી (મંચ) બનાવવાની અમારી કોશિશ સતત ચાલુ છે. જેમાં આપ સહુના સક્રિય સહયોગ અને આશીર્વાદની જરૂર છે.

હાલમં બનાવેલ મોબાઈલ ઓનલાઈન એપ્લીકેશનનો મુખ્ય આધાર એ છે કે, ખેડૂતો પાસે પ્રમાણિત સજીવ ખેતપેદાશનો ગુણવત્તાયુક્ત જથ્થો હોય, બીજું કે ખેડૂતથી ગ્રાહક સુધી વ્યાજબી કિંમતે માલ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. મોબાઈલ એપ્લીકેશનથી ઓર્ડર આવ્યા પછી જે સપ્લાયની વ્યવસ્થા કરવાની છે તેમાં પારદર્શિતાથી કામ કરવા ઈચ્છતા કોઈને કોઈ વેપારીને સાંકળવા જ પડશે. ખેડૂત જાતે ગ્રાહકને જરૂરિયાત પ્રમાણે માલ પહોંચાડે તે આદર્શ હોવા છતાં વ્યવહારુ નથી. આવા સંજોગોમાં આ કાર્યને સુચારું ચલાવવા માટે જાગૃત ગ્રાહકો, કર્મઠ ખેડૂતો અ” સ્થાનિક વેપારીની સાંકળને મજબૂત બનાવવાની જરૂર જણાય છે. સૃષ્ટિ સંસ્થાએ સાત્વિક મહોત્સવ પછી શુભેચ્છક આઈટી નિષ્ણાંત શ્રી હેમંત અગ્રવાલ (મો. ૯૫૫૮૮૧૫૨૮૦) સાથે મળીને સાત્વિક સૃષ્ટિ નામની મોબાઈલ એપ્લીકેશન બનાવી. એક એક ખેડૂતોને ત્રણ ત્રણ વખત પુછ્યા પછી પણ આજે મોબાીલ એપ્લીકેશનની વિગતો પ્રમાણે ઓર્ડર આવ્યા પછી માલ હાજર સ્ટોકમાં ન હોય તેવું સતત બને છે. મતલબ ઉત્પાદક અને ગ્રાહક વચ્ચેની જે ખૂટતી કડી છે તે પુરવા અમે મથીએ છીએ. ભાઈશ્રી હેમંત અગ્રવાલ આ કાર્યમાં લાંબો સમય કામ કરવાની ભાવના સાથે જોડાયા છે. ત્યારે, આ અમારી દ્વિધામાં સહભાગી બનવા આપ સહુને અનુરોધ કરીએ છીએ. મોબાઈલ એપ્લીકેશનના માધ્યમથી ખેડૂતો અને ગ્રાહકોને જોડવાની આ કોશિશને અમે સતત ચાલુ રાખીશું. જાગૃત ખેડૂતો પોતાની ખેત પેદાશોની વિગતો સૃષ્ટિના નિયત પત્રકમાં ભરીને મોકલી શકે છે. વધુ માહિતી માટે તંત્રી સરનામે સંપર્ક કરવા અનરોધ છે.

## શ્રધ્ધાંજલિ



**સ્વ.શ્રી શાન્તિભાઈ પટેલ**
**સ્વ. તા. ૨૬-૭-૨૦૧૭**

ભારતીય કિસાન સંઘ,
પૂર્વ જિલ્લા પ્રમુખ, મુ. ટકારમા,
તા. ઓલપાડ, જી. સુરત
સ્વ.શ્રી શાન્તિભાઈ પટેલ
નિધન થયું છે.
પ્રભુ તેમના આત્માને
ચિર શાંતિ અર્પે
એજ પ્રાર્થના સહ
વિનમ્ર શ્રધ્ધાંજલિ.

પ્રદેશ પરિવાર વતી,
વિઠ્ઠલભાઈ દૂધાત્રા



# રક્ષાબંધન એક પવિત્ર તહેવાર

ધર્મપ્રદાન ભારત જેવા દેશમાં રક્ષાબંધન ભાઈ - બહેનના પવિત્ર પ્રેમનો વિશેષ તહેવાર છે. આ પવિત્ર દિવસે બહેનના હરખનો પાર હોતો નથી. તે પોતાના ભાઈના કપાળમાં કંકુનો ચાંલ્લો કરી ચોખા ચોંટાડે છે. પછી તે ભાઈના જમણા હાથે રાખડી બાંદે છે અને ભાઈ બહેન એકબીજાને મીઠાઈ ખવડાવે છે. બહેન ભાઈના ઓપારણા લે છે અને તેને અંતરના આશીર્વાદ આપે છે. ભાઈ - બહેનને યથાશક્તિ ભેટ આપે છે.

કેટલીક બહેનો પોતાના ભાઈ તરફથી અપાતી ભેટ નહિં સ્વીકારી ભાયને વ્યસનના દુષણમાંથી મુક્ત કરવા વ્યસનમુક્તિ પોતાની ભેટમાં માંગે છે. અને પોતાના ભાઈનું જીવન પરીવર્તન ઈચ્છે છે એવી દરેક મારી બહેનોને લાખ લાખ અભિનંદન...

અમો બે ભાઈઓથી અમારી નાની લાડલી બહેન અમારાથી દુર ગાંધીનગર સાસરે રહેતી હોવા છતાંય રક્ષાબંધનના દિવસે અમારા બન્ને ભાઈઓના પાન - મસાલા - તમાકુ - કુટખાના વ્યસનના દુષણને ડામવા સતત જાગૃત રહીને અમારા વ્યનને આજે પુરા દશ વર્ષથી છોડાવીને અમારા બંને ભાઈનું જીવન પરીવર્તન કરનારી અમારી પ્યારી બહેનનું અમારા સગાં - સ્નેહીઓમાં અને કુટુંબમાં ખુબ જ માન વધી ગયું છે. અને સગાં સ્નેહીઓમાં ઘણી બહેનોએ અમારી મનિષાબેન પાસેથી પ્રેરણા લઈને પોતાના ભાઈને આ રીતે દક્ષીણામાં પોતાના ભાઈ પાસેથી વ્યસન મુક્તિ માંગીને સફલ રહેનારી બહેનોને મારા વદન... તેમજ દારૂની વ્યસન મુક્તિ અંગે અભિયાન ચલાવવા બદલ કિસાન સંદેશને લાખ લાખ અભિનંદન...

માનવ જીવનમાં આવતી નાની મોટી અનેક સમસ્યાઓમાંતી મુક્ત થવા માટે માનવી હંમેશા પ્રયત્નશીલ હોય છે ત્યારે પવિત્ર તહેવારો માનવીને વિશેષ ઉત્સાહ, આનંદ તેમજ ધર્મપારાયણતાની પ્રેરણા બક્ષે છે. રક્ષાબંધન સાંસ્કૃતિક કર્મબંધનની યાદગાર જ નહીં પરંતુ ઈશ્વરીય બંધનના પ્રતિકનો પવિત્ર તહેવાર છે.

પ્રચલિત પ્રથા અનુસાર આજે સમજમાં બહેનો સ્વયંની રક્ષાની સ્મૃતિ અપાવતા ભાઈઓને રાખડી બાંધે છે તથા તિલક પણ કરે છે. પરંતુ વ્યવહારીક દષ્ટિએ જોતા કહી શકાય કે નારી એ કન્યાવસ્થાના સમયે પોતાના પિતા દ્વારા અને લગ્ન બાદ પત્નીના રૂપે પોતાના પતિ દ્વારા રક્ષિત હોય છે તો ભલા ભાઈ દ્વારા બહેનની રક્ષાનું આટલુ મહત્વ કેમ ? શું એક નાની બહેન પોતાના મોટાભાઈનો એક ધનવાન બહેન પોતાના ગરીબ ભાઈને કે એક પરદેશમાં રહેતી બહેન પોતાનાથી દુર રહેતા ભાઈને રક્ષા બાંધિને પોતાના રક્ષણની કોઈ પણ સલામતીની આશા શું તેના ભાઈ પાસે રાખી શકે ખરી ? શું એક બહેનની પવિત્રતાની રક્ષા આજે સમાજમા તેના પતિ, પિતા કે શાસનકર્તા નહિં પણ શું એક તેનો માત્ર ભાઈ જ કરી શકે ?

આમ આ વિવિધ રસમવિધીને વ્યક્તિ તટસ્થ પણે વિવેકબુદ્ધિથી વિચારે તો અનેક પ્રશ્નો થાય છે. સતયુગમાં બધી નારીઓ સન્માનિત અને સુરક્ષીત હતી. પ્રાચીન કાળથી આપણા જીવનમાં આ તહેવારનું મહત્વ રહેલું છે. કુંતામાતાએ કોઠાયુદ્ધમાં અભિમન્યુનો વિજય થાય તેવી ભાવનાથી તને રાખડી બાંધી હતી. તેવો અને દાનવોના યુદ્ધ વખતે દાનવો સામે દેવોનો વિજય થાય તે ભાવનાથી ઈન્દ્રાણીએ પોતાના પતિ અને દેવોના રાજા ઈન્દ્રના હાથે રાખડી બાંધી હતી. આ તહેવારના વિષયમાં એક શાસ્ત્ર કથા છે કે પઠો પોતાની બહેન યમુના પાસે રાખડી બંધાવતા એમ કહ્યું હતુ કે જે આ પવિત્રતાનું બંધન બાંધશે તે યમદુતોના ભયથી મુક્ત બનશે તેથી જ આ રક્ષાબંધન પવિત્ર પ્રેમનો આધ્યાત્મિક તહેવાર છે.

સુષ્ટિચક્રમાં કળિયુગના અંતમા એક એવો સમય પણ આવે છે. કે સમગ્ર માનવ સમાજનું નૈતિક તથા ચારિત્રીક પતન થાય છે. મા-બહેનોની લાજ ભયમા આવી જાય છે.

ખરેખર !! વાસ્તવિક્તા જોતા ફેશન, સિનેમા, માંસ, મદીરા વગેરે વ્યસનોના દુષણથી ચારીત્ર્યહીનતાની ચરમસીમા પર પહોંચેલા આ સમાજના ભાઈઓમાં પવિત્રતાનું બળ અને શક્તિ ક્યાં છે. કે જેઓ સ્વયંની અને સમાજની બહેનોનું રક્ષણ કરી શકે ? કામવિકારની અતિમાં ખદબદતા આ અત્યારના સમયમાં સમાજની પ્રત્યેક નારી શું સલામત છે ? આજની દ્રોપદી સમાન નારીજાતનું દુર્યોધન અને દુઃશાસન જેવા વિકારીઓ મનુષ્યો દ્વારા ચારિત્ર્ય.પતન થઈ રહ્યું છે તો વિચારો કે જ્યારે રક્ષક જ ભક્ષક બની જાય ત્યારે કોની રક્ષા કોનાથી થવાની ? ઉપરોક્ત વિવરણથી એ સત્યતા સામે આવે છે કે વાસ્તવમાં આ પવિત્ર તહેવારે બહેનનો દ્વારા પોતાના ભાઈઓની પવિત્રતા માટે આ પ્રતિક્ષા કરવાનું પ્રતિક છે કે તેઓ બધી જ સ્ત્રીઓને પોતાની સગી બહેન સમજે. આમ જ્યારે બધી જ સ્ત્રીઓને પોતાની સગી બહેન માનીશું ત્યારે એ બહેનોની લાજ સુરક્ષીત રહેશે.

આ રક્ષા બંધનના પવિત્ર તહેવારના મહાનબંધનમાં સ્વયંકોને બાંધીને આ જન્મને શ્રેષ્ઠ બનાવીએ.

**ગૌરધન જે. વાછાણી**
**કેશોદ, રેમન્ડ રીટેઈલ શોપ**

# આરોગ્ય દાતા દેશી ગાય

કૃષિ યુનિવર્સિટી - જૂનાગઢની લેબોરેટરીમાં વૈજ્ઞાનિક બી.એ. ગોળકિયા અને તેની ટીમ મારફત અમે ગીર, કાંકરેજ અને અન્ય ભારતીય નસ્લની દેશી અમારી ગાયો, જામકાના પરિસોત્તમભાઈ સીદપરાની ગાયો, કચ્છ મનોજભાઈ સોલંકીની ગાયો અ” ગૌચરમાં ચરવા જતી ગાયો, જંગલમાં અનેક વનસ્પતિ - ઘાસ - વેલા ચરતી ગાયોના દૂધ, ઘી, માખણ, ઘીરું, ગોમૂત્ર અને છાણના ૩૦૦ થી વધુ નમૂના તથા ભેંસ, બકરી, ઘેટી અને ઊંટડીનું દૂધ, ભેંસનું ઘી, મૂત્ર અને છાણ, ઘેટા - બકરાની લીંડી વગેરેનું વિસ્તૃત પૃથ્થકરણ કરાવેલ છે. અ ા લેબોરેટરીએ અગાઉ પણ દેશી કાયના દૂધ-ઘીનાં અનેક પરિક્ષત્રણો કર્યા છે. તેમાં જોવા મળેલ અમૂલ્ય તત્વો :

| પદાર્થ | દૂધ પ્રતિ લી. | ઘી પ્રતિ કિલો | ગૌમૂત્ર પ્રતિ કિલો | છાણ પ્રતિ કિલો |
|---|---|---|---|---|
| સુવર્ણ | ૦.૨૨ મી.ગ્રામ | – | ૧ થી ૩ મી. ગ્રામ | ૨૨.૦ મી.ગ્રામ |
| ચાંદી | ૦.૧૪ મી.ગ્રામ | – | ૦.૨૦ થી ૩ મી.ગ્રામ | નિલ |
| સ્ટ્રોન્સિયમ | ૦.૩૭ મી.ગ્રામ | છે | છે | છે |
| એ-૨ પ્રકારનું પ્રોટીન | ૩.૫ ટકા | – | – | – |
| ઓમેગા-૩ | છે. | ૧.૩૫ ટકા | છે | – |
| ઓમેગા-૬ | છે. | ૧.૨૦ ટકા | છે | – |
| ઓમેગા-૭ | છે. | ૧.૫૦ ટકા | છે | – |
| ઓમેગા-૯ | છે. | ૧૨.૪૦ ટકા | છે | – |
| સુપાચ્ય ફેટી એસિડ | ૬૧ ટકા | ૭૦.૧૧ ટકા | છે | – |
| કોલેસ્ટ્રોલ કરનાર | નિલ | નિલ | નિલ | – |
| ટ્રાન્સફેટી એસિડ | | | | |
| જસત (ઝિંક) | ૦.૭૦ મી.ગ્રામ | – | ૧.૪૩ મી.ગ્રામ | ૭૪.૦ મી.ગ્રામ |
| કોપર | ૦.૫૨ મી.ગ્રામ | – | ૦.૧૮ મી.ગ્રામ | ૨૧.૦ મી.ગ્રામ |
| લોહ | ૦.૮૦ મી.ગ્રામ | – | ૨.૫૦ મી.ગ્રામ | ૭૭૧.૦ મી.ગ્રામ |
| નિકલ | ૦.૦૮ મી. ગ્રામ | – | ૧.૨૬ મી.ગ્રામ | ૪.૧૬ મી.ગ્રામ |
| કેલ્શિયમ | ૧૨૦૦ મી.ગ્રામ | – | ૧૯૨૦ મી.ગ્રામ | ૯૭૧ મી.ગ્રામ |
| ફોસ્ફરસ | ૯૩૦ મી.ગ્રામ | – | ૬૩૫ મી.ગ્રામ | ૧૮૦૨ મી.ગ્રામ |
| પોટેશિયમ | ૧૫૦૦ મી.ગ્રામ | – | ૧૩૯૫૦ મી.ગ્રામ | ૧૯૨૦ મી.ગ્રામ |
| મોલીબ્લડેનમ | ૫૦ મી.ગ્રામ | – | ૧૩.૫ મી.ગ્રામ | નિલ |
| સલ્ફર | છે. | – | ૭૪૪૭ મી.ગ્રામ | ૫૫૫ મી.ગ્રામ |

**સુવર્ણ :** દેશી ગાયના દૂધ, ઘી, ગોમૂત્ર, છાણમાં રહેલું સુવર્ણ જૈવિક સુવર્ણ છે. જે સંપૂર્ણ સુપાચ્ય હોય છે. જ્યારે ખૂબ જ મોંઘી સુવર્ણભસ્મ માણસ ખાય, તો મોટા બાગની શરીરમાં ગ્રહણ થયા વગર મળ દ્વારા બહાર નીકળી જાય છે. આથી માનવને સુવર્ણ અને ચાંદી ગ્રહણ કરવાનો શ્રેષ્ઠ માર્ગ દેશી ગાય છે.

**સુવર્ણના ગુણ :** સુવર્ણ સંતાન પ્રાપ્તિમાં સૌથી મહત્વનું તત્વ છે. કેન્સર અને તમામ રોગો સામે રોગ પ્રતિકારક શક્તિમાં સુવર્ણ નંબર-૧ તત્વ છે. સર્વરોગ નાશક છે. સુવર્ણ બેક્ટેરિયા, વાઈરસ અને ફુગજન્ય જીવાણું સામે રોગ પ્રતિકારક છે. માનવના રૂધિરાભિસરણ તંત્ર અને હૃદયનાં ભાવ જગત ઉપર સકારાત્મક અસરકારક છે. સુવર્ણ વીર્ય વર્ધક, આંખોનું તેજ વધારનાર, હૃદયને બળવાન કરનાર, બુદ્ધિ, સ્મૃતિ, સૌંદર્ય વધારનાર, વાણીને શુદ્ધ કરનાર, ક્ષય મટાડનાર અને વિશેષ તો શરીરમાંથી ઝેરનો નાશ કરનાર સૌથી અમૂલ્ય તત્વ છે.

**ચાંદી :** ડાયાબિટીસને ચોક્કસ અને ત્વરિત મટાડે છે. યુવા અવસ્થાને સ્થિર રાખે છે. અને મગજને સતેજ રાખે છે.

**સ્ટ્રોન્સિયમ :** ઝેરી વિકિરણોને શોષીને તેની વિપરીત અસરથી માનવનું રક્ષણ કરે છે.

**એ-૨ પ્રકારનું પ્રોટીન :** ખૂબ સુપાચ્ય પ્રોટીન છે. શરીરનું બંધારણ ઘડવામાં અને ઘસારો પુરવામાં મુખ્ય ભાગ ભજવે છે.

**ઓમેગા-૩ અને ઓમેગા-૬ :** હૃદયરોગનું મહાઔષધ છે. કોલેસ્ટેરોલ દૂર કરે છે. લોહીની નાડીઓની સ્થિતિ સ્થાપક્તા જાળવે છે.

**ઓમેગા-૭ અને ઓમેગા-૯ :** ત્વચાની સ્થિતિ - સ્થાપક્તા (લચીલાપણું) અને કોમળતા જાળવે છે. શરીરના મલલ્સ - સ્નાયુને ક્રિયાશીલ રાખે છે. જેથી માનવ ખૂબ સ્ફુર્તીવાન બને છે.

**સુપાચ્ય ફેટી એસીડ :** ત્વચાની સુંદરતા વધારે છે. શરીરને ગરમી અને શક્તિ આપે છે

**કોલેસ્ટેરોલ કરનાર ટ્રાન્સફેટિ એસિડ :** આ એસિડ ભેંસના ઘીમા ૪ ટકા, તેલમાં ૪.૫ ટકા છે. જ્યારે ગાયના દૂધ માખણ - ઘી માં બિલકુલ જોવા મળેલ નથી.

**જસત (ઝિંક) :** આંખોને ઉપયોગી છે. રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ડાયાબિટીસ, લોહીની ઉણપ, શ્વાસ, ચામડીના રોગો મટાડે છે.

**કોપર :** શરીરનું નવસર્જન કરવામાં અને ઘા ભરવામાં ઉપયોગી છે. તેમજ ચામડીના રોગો, શ્વાસ, ઉધરસ, એસિડીટી, કોલેસ્ટેરોલ મટાડે છે. ચરબીનું નિયંત્રણ કરે છે.

**લોહ :** લોહીના ટકા અને રક્તકણો વધારે છે.

**નિકલ :** જીવાણું - વિષાણું (બેક્ટેરિયા - વાઈરસ) નાશક છે.

**કેલ્શિયમ :** હાડકા, દાંત, વાળના બંધારણમાં મુખ્ય ભાગ ભજવે છે.

**ફોસ્ફરસ :** હાડકા, દાંત, વાળના બંધારણમાં મુખ્ય ભાગ ભજવે છે.

**પોટેશિયમ :** ચેતાતંત્રને ઉપયોગી છે.

**સલ્ફર :** મગજશક્તિ અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ભેંસના દૂધમાં સલ્ફર જોવા મળેલ નથી.

**મોલિબ્લડેનમ :** આંતસ્ત્રાવમાં ઉપયોગી તત્વ છે.

**ગોમૂત્ર :** ગોમૂત્રમાં કુલ ૮૩ તત્વો જોવા મળેલ છે. તેમાંતી વિશ્વના વિજ્ઞાનને ૩૩ તત્વોની ઉપયોગીતાની જ મર્યાદિત જાણ છે. આવું જ દૂધ, ઘી, માખણ, દહિં, છાસ માટે છે. ભારતના ઋષિઓએ આયુર્વેદના ગ્રંથોમાં અને અન્ય શાસ્ત્રોમાં ગાય અ” તેના ગોસતત્વના ગુણો શોધ્યા છે, તેની સામે વર્તમાન વિજ્ઞાનનું સંશોધન એક અંજલી માત્ર છે. ભારત અને વિશ્વને આરોગ્ય, દિવ્યજીવન અને દિવ્ય સંતાન પ્રાપ્તિ માટે દેશી ગાય, આયુર્વેદ, યોગ અને ભારતીય આહાર પદ્ધતિ કલ્યાણકારી છે. ગોમૂત્રમાં કેન્સર વિરોધી ચાર તત્વો છે. સોજા મટાડનારા ચાર તત્વો છે. મેલરિયા, જીવાણુ વિરોધી ચાર તત્વો છે. બી.પી. (હૃદયરોગ) અને મગજના રોગો મટાડનાગર ૧૪ તત્વો છે. ગોમૂત્રમાંથી અર્ક બનાવતા સોજો મટાડનારા બે અને બી.પી. મટાડનારા ૧૦ તત્વો ઉડી જાય છે. આથી બે રોગોમાં ગોમૂત્ર જ વિશેષ ગુણકારી છે.

**ઘી :** ભેંસના ઘીના કણોનું માપ ૮.૨૫ માઈક્રોન છે. જ્યારે ગાયના ઘીના કણોનું માપ ૩.૭૪ માઈક્રોન છે. આથી ગાયના ઘી કરતા ભેંસનું ઘી પચવામાં ત્રણ ગણું ભારે છે. અને કોલેસ્ટેરોલ, ચરબી, કફ, વજન વધારનારું છે. ભેંસનું ઘી લોહીની નસો, હૃદય અને મગજની નસોમાં જામી જાય છે. જેથી હૃદયરોગ, પક્ષઘાત (પેરેલિસિસ), મગજનું હેમરેજ થઈ શકે છે. તેમજ ગાયના ઘીમાં આંકોનું તેજ વધારનાર કેરોટિન નામનું તત્વો છે. જે ભેંસના ઘીમાં નથી. બેંસના ઘી - દૂધમાં સુવર્ણ અને ચાંદી તત્વ નથી.

ગાયના ખીરુમાં કેપ્રેલિક એસિડ ખૂબ વધુ પ્રમાણમાં છે. ગાય વિયાય પછી ૩ માસ સુધીના દૂધ - માખણમાં કેપ્રેલિક એસિડ વધુ હોય છે. જે ઉંચાી વધારે છે. આયુર્વેદના મતે ગાયનું ખીરું સુવર્ણ સમાન છે.

દૂધની ડેરીઓમાં વધુ ફેટ અને માત્ર આર્થિક લાભના નામે ભેંસ અને વર્ણસંકર જર્સી / એચ.એફ. જાનવરો તરફ પ્રજાને વાળીને તથા વિજ્ઞાનના નામે પુરો અભ્યાસ કર્યા વગર ડૉક્ટરોએ અમૃત સમાન દેશી ગાયોના દૂધ, ઘી, માખણ, દહિં, છાસથી ભારતની પ્રજાને વિમુખ કરીને પ્રજા, દેશ, પ્રકૃતિ અને પરમાત્માનો અક્ષમ્ય અપરાધ કર્યો છે.

*ક્રમશઃ*

## ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા બનાસકાંઠા / પાટણના પૂર પિડીત વિસ્તારોના કૃષિ ક્ષેત્રમાં નુકસાની સહાય બાબત તા. ૧૦-૮-૧૭ના રોજ મા.મુખ્યમંત્રીશ્રી, ના. મુ.મંત્રીશ્રી, તથા કૃષિમંત્રીશ્રીને કરવામાં આવેલ રજુઆતમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ...

(૧) પ્રત્યક્ષ કેતીના સર્વે નંબરોમાં થયેલ નુકસાનીનું તત્કાલ સર્વે અને ચૂકવણું કરવામાં આવે. હાલ માહિતીનુસાર ધીમી ગતિ અને ટીમો ઓછી છે આ અંગે સત્વરે કાર્યવાહી કરાવવી. જેથી પાક લઈ શકાય

(૨) જે પાકનો વિમો લેવામાં આવેલ હોય તે સંબંધિત વિસ્તારોમાં જે તે વીમા કંપનીઓ સત્વરે સર્વેની કામગીરી કરી કાર્યવાહી કરે તેમ જણાવવું.

(૩) નદી અને મોટા વાંધા કોતરો પડી ગયેલ જમીનો માટે વળતર સહાયનું ધોરણ વધારવું.

(૪) જમીનમાં નાખેલ પાઈપ લાઈનો ધોવાઈ ગયેલ હોય તેનું વળતર આપવું.

(૫) ડ્રીપ-ફુવારા પદ્ધતિ તી ખેતી કરતા કિસાનોને વીમા રક્ષિત સિવાયના કિસાનોને વળતર આપવું અન્યતા જે કિસાનો નિયમ મુજબ ૭ વર્ષ પુનઃ અરજી કરવાની મર્યાદા છે. તે દૂર કરવામાં આવે તો પુનઃડ્રીપ મેળવી શકે તેવી છૂટ આપવી.

(૬) પશુ મૃત્યુમાં હાલ પી.એમ. થયેલ નથી તેવા પશુ માલિકોને સહાય મળતી નથી. પરંતુ ગામના સરપંચ - તક. મંત્રી વિગેરે દ્વારા પંચકેશ કરવાની કાર્યવાહી ચાલુ છે તેના પર નિર્ણય લઈને સહાય આપવી.

(૭) જે કિસાનોના બોર - કુવા ભુર્ગભમાં પુરાઈ જઈ નિષ્ફળ ગયેલ છે. તેમને પણ સર્વે કરી સહાય આપવી.

(૮) વિજ બીલમાં માફી આપી છે તેમં બાકીના તાલુકાના પણ પ્રભાવિત અસરગ્રસ્ત ગામો હોય તેનો સમાવેશ કરવો અને ૬ માસનું બીલ માફ કરવું.

(૯) નવા વિજ જોડાણ માટે અરજી કરેલ ખેડૂતોને બોર બનાવવા માટે નોટીસો આપેલ છે તેમને સમય મર્યાદા ૬ માસ વધારી આપવી.

(૧૦) બારમાસી પાકો પપૈયા - શાકભાજીમાં વળતર આપવામાં આવેલ નથી તેનો સમાવેશ કરવો.

(૧૧) હાલ તુરંત થઈ શકે તેવી ખેતી પાકોના બિયારણ, દિવેલા, જુવાર વિગેરે આવશ્યક લાગે ત્યાં ઉપલબ્ધ કરાવવા.

**ઉક્ત રજુઆતો અંગે સત્વરે ઘટતી કાર્યવાહી કરાવવા રજુઆત સહ...**

# માનવંતા કર્મયોગી મહાનુભાવોના વ્યાખ્યાન

- **શ્રી મનસુખભાઈ સુવાગીયા**
  *- જળક્રાન્તિ અને કાંકરેજ - ગીર ગાયક્રાન્તિના પ્રણેતા, રાજકોટ.*
- **શ્રી મગનભાઈ એમ. પટેલ**
  *સદસ્ય અખિલ ભારતીય કિસાન સંઘ, દિલ્હી.*
- **વૈધ ધર્મેન્દ્ર વી. પટેલ**
  *આર્યુવેદાચાર્ય સંયોજક આર્ય ગ્રામ કેશવ ગૌશાળા, ગાંધીનગર.*
- **શ્રી પરષોત્તમભાઈ સીદપરા**
  *જીરો બજેટ ખેતી નિષ્ણાત જામકા, જુનાગઢ.*
- **શ્રી વનરાજસિંહ ચૌહાણ**
  *જીરો બજેટ ખેતી નિષ્ણાત, ગોરસ ગોશાળા બાવલીયા, વડોદરા.*

**કાર્યક્રમમાં જીરો બજેટ ખેતી પ્રચાર - પ્રસાર કેન્દ્રને ખુલ્લુ મુકાશે તેમજ કાનપુર ગામના દેશી ગાયો વસાવનાર દંપતીઓનું સન્માન કરાશે.**

### : કાર્યક્રમના શુભ ચિંતકો :

ડૉ. ભગુભાઈ ટી. પટેલ, એમ.ડી.ડી.જી.ઓ. ત્રિમૂર્તિ હોસ્પિટલ, ઈડર,
ડૉ. ભગુભાઈ પી. પટેલ, એમ.બી.બી.એસ., સત્ય સાંઈબાબા હોસ્પિટલ, અમદાવાદ.
પ્રો. ડૉ. રાકેશભાઈ આર.પટેલ, એમ.એ.પી.એચ.ડી. પર્યાવરણવિદ, ગાંધીનગર.
શ્રી બેચરભાઈ કે. પટેલ, એમ.એસ.સી. (એગ્રી) સીની. મેનેજર, રાલીઝ ઈન્ડિયા, અમદાવાદ.

### કાર્યક્રમના કાનપુર ગામના ગૌ પ્રેમી આયોજકો :

- રઘુભાઈ જેસિંગભાઈ પટેલ (સંપર્ક નં. ૯૪૨૯૧૮૦૪૯૬/૦૨૭૭૮૨૩૧૪૯૬)
- જીતુભાઈ સાંજાભાઈ પટેલ (સંપર્ક નં. ૯૮૯૮૯૩૯૭૨૪)
- પિયુષભાઈ જીતાભાઈ પટેલ (સંપર્ક નં. ૯૪૦૮૧૨૫૪૧૮)
- બાબુભાઈ ગોવાભાઈ પરમાર
- અળખાભાઈ પ્રભુભાઈ પટેલ
- દલજીભાઈ જેસિંગભાઈ પટેલ
- મનુભાઈ મોહનભાઈ પટેલ
- ધીરુભાઈ લાલજીભાઈ પટેલ
- રઘજીભાઈ સવજીભાઈ પટેલ
- વિનુભાઈ કાનજીભાઈ પટેલ
- રમણભાઈ બેચરભાઈ પટેલ

**સુચના :** પ્રસ્તુત કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક તમામ ભાઈ બહેનોએ દિનાંક ૧૫-૮-૨૦૧૭ સુધીમાં પોતાના નામો આયોજકોને નોંધાવવા જરૂરી છે. જેથી બેઠક અને ભોજન વ્યવસ્થા સાચવામાં અનુકૂળતા રહે. કાનપુર ગામ ઈડર થી ૧૨ કી.મી. ભિલોડા રોડ પર અને શામળાજીથી ૩૩ કી.મી. શામળાજી ઈડર રોડ પર આવેલું છે.

**ગાય ભારતની સંસ્કૃતિની જીવનદાત્રી માતા છે.**
**ગાય માનવ જીવનની સંજીવની છે.**
**દેશની સમૃધ્ધિ ગાયની સેવામાં છુપાયેલી છે.**

ગાવો વિશ્વસ્ય માતર
*આંગણે બંધાશે જો ગીર - કાંકરેજ દેશીગાય*
*હરખાશે શામળિયો તારો ને મલકાશે મલક*

# ગોપાલક - કૃષિસાધક દંપતિ અભિવાદન સમારોહ અને વિચાર ગોષ્ઠિ...

**દિનાંક : ૧૮-૮-૨૦૧૭, શુક્રવાર, સમય : સવારે ૯-૦૦ થી ૧-૦૦**
*સ્થળ : અર્બુદા સમાજવાડી, કાનપુર - તસીયા રોડ, મુ.પો. કાનપુર, તા. ઈડર, જી. સાબરકાંઠા*

આત્મીય બધુઓ અને ભગીનીઓ,

ભારતનો આત્મ ખેડૂતની મહેનતમાં અને દેહ ખેતરના ખોળે છે. લહેરાતો ખેતરો થકી સમાજપુરુષનો કર્મયોગ, ધનયોગ અને જીવનયોગ ગતિશીલ રહે છે. મનિુષ્યના કપડા મેલા – ઘેલા થાય તો ચાલે પણ તેનું આરોગ્ય નંદવાય અને જોખમમાં મૂકાય એ તો કેમ ચાલે ?

મિત્રો આધુનિક્તાની વેટે આપણને અંધ બનાવી દીધા હોય તેવું નથી લાગતું ? હવા અશુદ્ધ ખોરાક નગુણા – ઝેરી અને પાણી જાણે પાણી વગરનું થઈ ગયું, અને તેનું પરીણામ શું આવ્યું ? ખુલ્લી આંખેના જોઈ શકાય એવા ભયંકર અને વિકરાળ રોગોથી સમાજ ખદબદવા લાગ્યો... ક્યારે.. કયો... કયો રોગ કોઈક... નિર્દોશના ઘરના દ્વારને ખટખટાવશે તે નિશ્ચિત નથી, આ રોગો વગર આમંત્રણે ઘરમાં પ્રવેશી જાય છે. અને પછી શરૂ થાય છે ડૉક્ટરો અને દવાખાનાના ધક્કા... અણગમતી જીવનરક્ષક દવાઓ પાછળ આખુ ઘર બેહાલ, જીવતર આકરું અને થકવી નાખનારું જાણે નરકનું દ્વાર.

છેલ્લા દસકામાં આવેલા ભયંકર રોગોએ માનવમાત્રને ધ્રુજાવી દીધો છે. આ બધાનો ઉકેલ છે. ભારતીય ઋષિઓ દ્વારા આરાધાયેલી અને વિકાસાવાયેલી જીવનશૈલીમાં. તો ચાલો... સાથે મળીને આપણી મહાન સંસ્કૃતિના આધારસ્થંભ સમી કૃષિ સંસ્કૃતિ અને ગૌ સંસ્કતિને સમજવા પ્રયત્ન કરીએ... અને તે માર્ગે આપણી આગળની પેઢીને માર્ગદર્શન આપીએ. અસ્તુ.

આ પ્રસંગે આપણા સૌના સદ્‌ભાગ્યે શ્રી મનસુખભાઈ સુવાગીયા (એમ.ડી. ફલોટેક પંપ, રાજકોટ) જેવા કર્મયોગી વક્તા પ્રાપ્ત થાય છે. તેઓશ્રી કાર્યક્રમના મુખ્ય પ્રેરણા સ્રોત છે. તેમનો સંકલ્પ છે કે આવનારા વર્ષોમાં ગીર તથા કાંકરેજ દેશીગાય ગુજરાતના ગામે ગામની શોભા – સમૃધ્ધિ બને અને એ રીતે પ્રત્યેક ગામ સ્વાવલંબી બને.

દેશી ગાય આધારીત કૃષિ દ્વારા કરી શકાય તેવા કેટલાક ઉપાયો

• રાસાયણિક ખાતરો અને જંતુનાશકદવાઓથી મુક્ત કૃષિ •
• દેશી ગાયના છાણ – ગોમૂત્ર અને બરદ આધારીત ખેતી •
• ધરતી મા પાસેથી લીધેલું ધરતી માટે પાછુ આપવું. •
• જાતવાન પ્રાકૃતિક દેશી બિયારણનું જતન અને ઉપયોગ •
• જન–જળ–જમીન–જીવસૃષ્ટિ અને જંગલની સુરક્ષા •
• જાતવાાન દેશી ગોવંશ નિર્માણ અને જતન •

# ધનસુરા UGVCLનો જુનિયર એન્જિનીયર પાંચ હાજરની લાંચ લેતાં ઝડપાયો

ધનસુરા UGVCLના જુનીયર ઈજનેરને પાંચ હજારની લાંચ લેતાં એસીબીએ રંગે હાથ ઝડપી લીધો હતો. વચોટીયો મારફતે વીજ જોડાણનું નામ ફેર કરવા લાંચ માંગવામાં આવી હતી. આ ફરીયાદના પગલે છટકું ગોઠવી અધિકારી તેમજ વચેટીયાને દબોચી લેવાયા હતા.

ધનસુરા તાલુકામાં વીજ જોડાણમાં નામ ફેર કરવા ગ્રાહકે યુજીવીસીએલ કચેરીમાં અરજી કરી હતી. પિતાના મોત બાદ નવેસરથી નામ ફેર થાય તે માટે કરેલ અરજીનો એસ્ટીમેન્ટ લેવા માટે પણ ગ્રાહકે ધનસુરાની વીજ કંપનીની કચેરીમાં વારંવાર ધક્કા ખાધા હતા. દરમિયાન ધનસુરા યુજીવીસીએલ સબ ડીવિઝનના જુનીયર ઈજનેર કે.આર. રંગાણીએ એસ્ટીમેન્ટ આપવા માટે ગ્રાહક પાસે પાંચ હજારની માંગણી કરી હતી. અધિકારીએ આ રકમ મને અથવા સુરેશભાઈ ચૌહાણ નામના વચેટિયાને પહોંચાડી દેવા પણ ગ્રાહકને જણાવ્યું હતું.

આ મામલે ગ્રાહકે અરવલ્લી જિલ્લા એસીબીમાં ફરિયાદ કરી હતી. જેના પગલે એસીબી પી.આઈ. આર. એન. પટેલ તથા સ્ટાફે મંગળવારની બપોરે ધનસુરા બસ સ્ટેશન નજીક છટકું ગોઠવ્યું હતું. અને જુનીયર ઈજનેર વતીથી પાંચ હજારની લાંચ લેવા વચેટીયા સુરેશ સોનસિંહ ચૌહાણ રહે. મહાદેવપુરા તા. ધનસુરાને રંગે હાથ ઝડપી લીધો હતો. જ્યારે ઓડીયો ટેપને આધારે જુનીયર ઈજનેર કે.આર. રંગાણીને એસીબીએ લાંચ લેવાના કેસમાં ઝપી પાડ્યો હતો.

# ભા. કિ. સંઘની આગામી બેઠકોની માહિતી

| દિનાંક | બેઠક | અપેક્ષિત | સ્થાન | સમય |
|---|---|---|---|---|
| ૨, સપ્ટેમ્બર ૨૦૧૭ શનિવાર | સૌરાષ્ટ્ર ઝોન સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા | તમામ જીલ્લા હોદ્દેદારો તાલુકા - પ્રમુખ મંત્રી | ભા.કિ.સંઘ.કાર્યાલય શ્રમસાધના : ગુરુકુળ પાણીની ટાંકી પાસે, ઢેબર રોડ, શિવાની હોસ્પિટલ પાછળરાજકોટ | ૧૦-૦૦ થી ૪-૦૦ સુધી સંકલન : મનસુખ ચોપડા મો. ૯૪૨૬૪૩૩૧૯૨ |
| ૩ સપ્ટેમ્બર ૨૦૧૭ શનિવાર | અયામ બેઠક યુવા / મહિલા સજીવ ખેતી આયામ | રાજ્યના તમામ જીલ્લાના સંયોજક અને નાની મોટી જવાબદારી હોય તેવા એક આયામ માટે એક જીલ્લામાં | બલરામમંદિર પરિસર, ગાંધીનગર પ્રદેશ કાર્યાલય | ૯-૩૦ થી ૪-૦૬ સુધી સંકલન : કલ્પનાબેન પટેલ મો. ૯૪૨૬૨૭૨૬૯૪ |
| ૪ સપ્ટેમ્બર ૨૦૧૭ સોમવાર | ઉ.ગુ.ઝોન, મ.ગુ.ઝોન ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી ખેડા, આણંદ, અમદાવાદ બોટાદ, ભાવનગર. | તમામ જીલ્લા હોદ્દેદાર તા. પ્રમુખ / મંત્રી | બલરામ મંદિર પરિસર ગાંધીનગર | ૧૦-૦૦ થી ૪-૦૦ સુધી સંકલન : ઉ.ગુ. : રમણભાઈ પટેલ કોષાધ્યક્ષ મો. ૯૦૯૯૭૩૭૪૦૮ મ.ગુ. : હસમુખ ડાભી મો. ૯૪૨૮૧૧૧૧૦૮ |

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.